સુવિચાર

"સમજણ બીજા જણ (સારા વ્યકિત)ની ગરજ સારે છે."

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૩/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૬૮


## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાએ જન્મભૂમિથી શુભકાર્યનો કરાવ્યો પ્રારંભ

# આનંદો : દેવરાજીયા ગામે MVCC કેબલ લગાડવાની કામગીરીનો પ્રારંભ

- અમરેલી જિલ્લામાં ફેઝ-૧ અંતર્ગત ૭૦.૬૨ કરોડનાં ખર્ચે ૯૪૫ કિ.મી. લંબાઈનાં કેબલ લાગશે
- MVCC કેબલથી તમામ વાતાવરણમાં સાતત્યપૂર્ણ વીજળી મળશે અને ટ્રીપીંગની સમસ્યા દૂર થશે
- દેવરાજીયા ફીડરમાં ૧૮ કિ.મી. લંબાઈ ધરાવતો કેબલ ૧.૪૧ કરોડનાં ખર્ચે બિછાવાશે
- પીજીવીસીએલનાં અધિકારીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના દેવરાજીયા મુકામે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આધુનિક MVCC (Medium Voltage Covered Conductor) કેબલ લગાડવાની કામગીરીનો પ્રારંભ ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. પી.જી.વી.સી.એલ. દ્વારા અમરેલી જિલ્લામાં વીજ પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત અને વિસનીય બનાવવા માટે ફેઝ-૧ અંતર્ગત આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દેવરાજીયા ફીડર મુકામે ૧૮ કિલોમીટર લંબાઈ ધરાવતો કેબલ ૧.૪૧ કરોડના ખર્ચે બીછાવવામાં આવશે.

મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આશરે અમરેલી જિલ્લામાં રૂા. ૭૦.૬૨ કરોડના ખર્ચે જિલ્લામાં કુલ ૯૪૫ કિલોમીટર લંબાઈમાં ૪૫ ફીડરમાં MVCC કેબલ બિછાવવામાં આવશે. આ પ્રોજેકટ


**અનુસંધાન પાના ૬ ઉપર**


**"અમરેલી એક્સપ્રેસ"**
**ધુળેટી પર્વ નિમિત્તે અંક બંધ રહેશે ગુરૂવારે**

'અમરેલી એક્સપ્રેસ' દૈનિક કાર્યાલય ૪ માર્ચને બુધવારનાં રોજ ધુળેટી પર્વને લઈને સંપૂર્ણ બંધ રહેશે જેથી હવે પછીનો અંક ગુરૂવાર ૫ માર્ચનો અંક પ્રસિધ્ધ થશે નહી ૬ માર્ચનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની સર્વેને નોંધ લેવા વિનંતી.

વ્યવસ્થાપક


ઓફીસ / ફ્લેટ વેચવાના છે....
મોકાની ઓફીસ ફુલ ફર્નિચર અને ભાડાની આવક સાથે વેચવાની છે.
ગીરધરભાઈ સંગ્રહાલય શોપીંગ સેન્ટર
પોસ્ટ ઓફિસ સામે - અમરેલી
કસમાં ફ્લેટ વેચવાનો છે...
ગોકુલધામ એપાર્ટમેન્ટ, લાઠી રોડ - અમરેલી
સંપર્ક : 9377448644

ઘડામણ
Only 7%
22ct. હોલમાર્ક દાગીના
૧૦ ગ્રામથી વધુ વજનના દાગીના પર લાગુ
તમારા મનપસંદ સોનાના દાગીના ખરીદવાનો શ્રેષ્ઠ સમય અમે લાવ્યા છીએ
ઘડામણ પર ક્યારેય ન મળ્યો હોય તેવો ફાયદો
ચૂકશો નહીં આ ૧૫ દિવસની ખાસ સ્કીમમાં
આજે જ પધારો અને લાભ લઈ તમારા પૈસા બચાવો
સૌથી
63 56 56 0000
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ધમાકા ઓફર
ઓફર તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૧૫/૦૩/૨૦૨૬ સુધી
ઘડામણ
13.9% Only
૧૦ ગ્રામથી વધુ વજનના દાગીના પર લાગુ
નિલકંઠ જ્વેલર્સ
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
Mo.9825091721 (કેતનભાઈ)
Mo. 9601898981 (પ્રકાશભાઈ)
રાજકોટ બ્રાંચ
નિલકંઠ જ્વેલર્સ
પેલેસ રોડ, ભગવતી ફ્રાસ કુઈની સામે, રાજકોટ.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. સાગર લાલાણી — પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ — બાળકોના મગજના રોગો, આંચકી, ખેંચના નિષ્ણાંત — તા.૦૫/૦૩/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. સાગર ઘોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા.૦૫/૦૩/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ — વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત — તા.૦૭/૦૩/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા.૦૮/૦૩/૨૦૨૬ - રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
કિડની, મૂત્રાશય તથા પુરૂષ રોગોના તમામ પ્રકારના રોગોના નિદાન અને સારવાર માટે આપણા અમરેલી શહેરમાં તા. ૦૭/૦૩/૨૦૨૬, શનિવારનાં રોજ ગોલ્ડ મેડાલિસ્ટ ડો. મૈત્રેય જોશી (MS,MCH, Urology) દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવ્યો છે.
સ્થળ : ડોકટર હાઉસ, લાઠી રોડ, અમરેલી. સમય : સવારે ૧૦ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ | ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ | મો. ૭૯૯૦૩ ૯૫૫૮૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ | ડી.એન.બી. - ગાયનેક, ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ | મો. ૯૯૧૩૬ ૧૮૦૩૦

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા — કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન — MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી — MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી ડો. સંદીપ ખેની — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા — MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

### કોટડા સાંગાણીનાં વૃધ્ધ સાથે

# લાઠીનાં ભીંગરાડ ગામે રહેતા ઈસમે રૂપિયા ૧૩.૮૪ લાખની છેતરપીંડી કરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩

ગોંડલ ગામે કોટડા સાંગાણી મેઈન રોડ ઉપર આવેલ સુખનાથનગર રહેતાં અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં રજનીકાંત મનહરલાલ પંડયા નામનાં ૬૨ વર્ષીય વૃધ્ધે મોરબી તાલુકાના રવાપર ગામે આવેલ નાફેડના ગોડાઉન ખાતેથી ગત તા.૨૮ના સાંજના સાડા પાંચેક વાગ્યે બોટાદ ગામે રહેતાં આરોપી જયદિપસિંહ ભરતસિંહ પરમાર (ટ્રક માલીક)ના ટ્રક નં. જીજે–૦૩–બીવી–૭૫૫૮માં તુવેર ૩૧.૪ ટન ભરી મહારાષ્ટ્રનાં આકોલાખાતે મોકલવા ભાડે બાંધેલ હતો. અને તે ટ્રક બોટાદ ગામે રહેતાં આરોપી ડ્રાઈવર શીવલાલ ધીરજલાલ વડગામાએ આકોલા તુવેર ખાલી કરવાના બદલે અમરેલી જિલ્લાના લાઠી ખાતે આવી ખાલી કરી વૃધ્ધને એ માલ ખાલી કર્યાનુ લોકેશન નાખી ફોન બંધ કરી દીધેલ હતો.

આ અંગે વૃધ્ધે લાઠી આવી તપાસ કરતા લાઠી તાલુકાના ભીગરાડ ગામે રહેતાં સંજયભાઈ આણદાણી નામનાં આરોપીએ ૩૧.૪ ટન તુવેરમાંથી બારોબાર ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે ૨૦.૩ ટન તુવેર જેનો એક ટનના ભાવ રૂપિયા ૬૮,૨૧૦ લેખે કુલ રૂપિયા ૧૩,૮૪,૬૬૩ની છેતરપીંડી કરી હતી. બાકીની ૧૧.૧ ટન તુવેર લાઠી ગામે આવેલ કેરીયા રોડ પર આવેલ મારૂતીનંદન કોમ્પલેક્ષનાં દુકાન નં. ૯૮માં પડેલ તે પરત મેળવી લીધેલ હતી. આમ તુવેર કિલોગ્રામ ૩૧,૪૦૦માંથી તુવેર કિલોગ્રામ ૨૦૩૦૦ જેની કિંમત રૂપીયા ૧૩,૮૪,૬૬૩ બારોબાર વેચી ટ્રક માલીક જયદિપસિંહ ભરતસિંહ પરમાર તથા ડ્રાઈવર તરીકે શીવલાલ ધીરજલાલ તથા સંજયભાઈ આણદાણી તથા તપાસમાં નામ ખુલે તે તમામ આરોપી સામે છેતરપીંડી કર્યાની વૃધ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ઈકો ફ્રેન્ડલી હોલિકા દહનનો કાર્યક્રમ ઉજવાયો



અમરેલી, તા. ૩

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તારીખ ૨/૩/૨૦૨૬ના રોજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફ્રેન્ડલી હોલિકા દહન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

જેમાં સંસ્થામાં ગાયોના ગોબરમાંથી બનેલ છાણા તથા કપૂર, ગુગળ, હવન સામગ્રી અને ગાયના ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોઈ પણ કેમિકલ્સ કેરોસીન કે પ્લાસ્ટિકનો ઉપયોગ ન થવાથી આ પ્રાકૃતિક રીતે થયેલ હોળીનું મહત્વ વિદ્યાર્થીઓ સમજયા હતા પર્યાવરણ જાગૃતિ અને પ્રદૂષણ મુકત તહેવારોની ઉજવણીએ આ સંસ્થાની પરંપરા રહેલી છે. લાઠી રોડની સોસાયટીના મોટા પ્રમાણમાં રેહવાસીઓ આ કાર્યકમમાં હાજરી આપી હતી. અને હોલિકાને પ્રદર્શન કરી સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. ઘણા શ્રીફળો પણ પધરાવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓએ સુંદર રંગોળીના સુશોભન સાથે હોળીની ગોઠવણી કરી હતી. સંચાલક દિપકભાઈ વઘાસીયાએ સંસ્થા તરફથી દરેકને ખજુર, દાળિયા, ધાણી અને શીંગનો પ્રસાદ બધાને આગ્રહપૂર્વક લેવા સંસ્થાની સામજીક નિસ્બત પણ પ્રગટ કરી હતી. વિદ્યાર્થીઓની શિસ્ત અને કાર્યક્રમને સફળ બનાવવાની તત્પરતા ઉઠીને આંખેવળગે તેવી સ્વચ્છતાના ધ્યાનાકર્ષક રહ્યા હતા.

### ગેરરીતિ કરવી હોય એ નાણાની ભુખમાં સ્થળનું પણ ભાન ભુલે

# લ્યો બોલો : લીલીયા મોટાની તાલુકા પંચાયત કચેરીનાં દરવાજા નજીક પેવર બ્લોકનાં કામમાં દે ધનાધનનો આક્ષેપ

## વ્યાપક ફરિયાદ બાદ ટીડીઓએ પેમેન્ટ અટકાવી તપાસ શરૂ કરી





લીલીયા, તા. ૩

લીલીયા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં લોકોના પર સેવાની કમાણીના ટેકસના પૈસા માંથી સરકારની વિવિધ યોજના તળે વિકાસ કામો ફાળવવામાં આવેલા હોય છે તેમાં ભ્રષ્ટ પદાધિકારી અને અધિકારીઓની મિલીભગતથી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ કરવામાં આવેલ છે તાલુકા પંચાયતના પ્રવેશ દ્વાર પાસે સ્ટેમ્પ ડયુટીની ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયત દ્વારા બ્લોક પેવરની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. મોટા ભાગમાં બ્લોક ઉખડવા લાગ્યા છે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધારાસભ્ય, સાંસદ, નાણાપંચ, એટીવીટી, સ્ટેમ્પ ડયુટી સહિતની વિવિધ ગ્રાન્ટમાંથી આર.સી.સી, પેવર બ્લોક, શૌચાલય, કોઝવે સહિતનાં વિકાસ કામો અતિ હલકી ગુણવત્તા વાળા થઈ ગયા છે અને થઈ રહ્યા છે. તેની સામે અનેક ફરિયાદ કરવામાં આવેલ છે તેમ છતાં જવાબદારો સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તેવા સમયે ઉચ્ચકક્ષાએથી થયેલ વિકાસ કામોની તટસ્થ તપાસ કરવામાં આવે તો સ્થાનિક કેટલાક ભ્રષ્ટ અધિકારી, કર્મચારીના તપેલા ચડી જાય તેમ હોવાનું સૂત્રોમાં ચર્ચા રહ્યું છે. ધારાશાસ્ત્રી કિશોરભાઈ પાઠકે જણાવ્યું હતું કે તાલુકા પંચાયત ગેઈટ પાસે થયેલ નબળા બ્લોક પેવર કામના તપાસ અધિકારી આજ કચેરીમાં બેસતા હોય તેમ છતાં જવાબદાર સામે પગલાં ન લેવાતા અનેક સવાલ ઉઠવા પામેલ છે. સ્થાનિક વિજયભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે સ્ટેમ્પ ડયુટીની ગ્રાન્ટમાંથી થયેલ બ્લોક પેવરના કામનું પ્રેમેન્ટ ન ચૂકવવું જોઈએ જવાબદાર સામે પગલાં ભરવા જોઈએ ત્યારે ટી.ડી.ઓ કિશોરભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયત ગેઈટ પાસે બ્લોક પેવરનું કામ થયેલ છે તે નબળું થયાની ફરિયાદ મળતા પ્રેમેન્ટ અટકાવેલ છે.

# બાબાપુરનો વિદ્યાર્થી બાલાછડી પરીક્ષામાં ઉર્તીણ



અમરેલી, તા. ૩

બાબાપુર નિવાસી રીબડીયા હિતેશભાઈ પરબતભાઈનો પુત્ર રીબડીયા મંત્ર હિતેશભાઈ આલ્ફા જસદણ ટ્રેનિંગ સેન્ટરમાં ધોરણ પાંચનો અભ્યાસક્રમ પૂર્ણ કરી ઓલ ઈન્ડિયા સૈનિક સ્કૂલ બાલાછડી એક્ઝામ પૂર્ણ કરી ૨૦૨૫–૨૬ના વર્ષમાં કુલ માર્ક ૩૦૦ માંથી ૨૫૪ ગુણ મેળવી કેન્દ્ર લેવલે પાસ થયેલ છે જેમને હવે જામનગર સ્થિત ઈન્ડિયન ડિફેન્સ સ્કૂલમાં એડમિશન મળશે ત્યાં અભ્યાસક્રમ પૂર્ણ કરી આર્મી ઓફિસર અથવા ઈન્ડિયન નેવીમાં જોઈનિંગ થઈ શકે ઉપરોકત એડમિશન ઉચી ટકાવારી હોય તે જ આ કોર્સમાં એડમિશન શક્ય બને છે મંત્ર રીબડીયા ભાગ્યશાળી બન્યો છે કુટુંબનું અને જિલ્લાનું નામ રોશન કરેલ છે.

### જિલ્લા લેઉવા પટેલ સંકુલ દ્વારા

# અમરેલીનાં લાપાળીયા ગામમાં ૭ દિવસીય એનએસએસ કેમ્પ યોજાયો

## કેમ્પમાં ૧૦૨ વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો જોડાયા



અમરેલી, તા. ૩

અમરેલી તાલુકાનાં લાપાળીયા ગામમાં લેઉવા પટેલ સંકુલ, અમરેલી ધ્વારા સાત દિવસીય એનએસએસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૦૨ વિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષક મંડળે સક્રિય ભાગ લીધો હતો. ગામના સર્વાંગી અને સામાજીક જાગૃતિને કેન્દ્રમાં રાખીને વિવિધ રચનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન દરરોજ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવતું હતું. જેના માધ્યમથી સ્વચ્છતા, શિક્ષણ અને સામાજીક સંદેશાઓ ગામલોકો સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

કેમ્પ દરમિયાન ગામનાં વિદ્યાર્થીઓએ ગામમાં નિયમિત સફાઈ અભિયાન હાથ ધરી જાહેર સ્થળો, રસ્તાઓ અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી હતી. આ પ્રવૃતિઓથી ગામલોકોમાં સકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો હતો. સાંજના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં રાસ ગરબા, નૃત્ય, ગીતો અને નાટિકાઓ ધ્વારા સામાજીક મુદ્દાઓને સ્પર્શવામાં આવ્યા હતા. ગ્રામજનો પણ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જેના કારણે ગામમાં ઉત્સવમય માહોલ સર્જાયો હતો. ખાસ કરીને રાત્રિનાં રાસ–ગરબાએ ગામનાં નવી ઊર્જા ભરી દીધી હતી. રામજનો ધ્વારા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે રહેવા અને જમવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. પરસ્પર સહકાર અને સમરસતાની ભાવનાથી કેમ્પનું આયોજન સફળ બન્યું હતું. ગામલોમો અને સંસ્થાનાં પ્રતિનિધિઓ વચ્ચે સ્નેહપૂર્ણ સંબંધો મજબુત બન્યા હતા.

સાતદિવસ સુધી લાપાળીયા ગામમાં ઉત્સાહ અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો. એનએસએસ કેમ્પ ધ્વારા વિદ્યાર્થીઓમાં સેવા ભાવના અને સામાજીક જવાબદારીનો વિકાસ થયો હોવાનું સંચાલકો ધ્વારા જણાવ્યું હતું. આ પ્રકારનાં કેમ્પો ગ્રામ વિકાસ અને યુવાનોમાં રાષ્ટ્રીય ચેતના પ્રગટાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.

### નાજાપુર ગામનાં જાગૃત નાગરિકે રાજયમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં કામકાજનો સમય અને રીસેસ સમય સ્પષ્ટ રીતે દર્શાવો

## અરજદારો સ્પષ્ટ રીતે નિહાળી શકે તે માટે માહિતી દર્શક બોર્ડ લગાવો

અમરેલી, તા. ૩

કુંકાવાવનાં નાજાપુર ગામનાં જાગૃત નાગરિક કૌશિક પાનસુરીયાએ રાજય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં સામાન્ય નાગરિકો વિવિધ કામકાજ માટે આવતાં હોય છે. પરંતુ ઘણી કચેરીઓમાં કામકાજનો સમય અને રીસેસનો સમય કચેરીના બહાર અથવા અંદર સ્પષ્ટ રીતે લખેલ નથી, જેના કારણે નાગરિકોને કચેરીના સમય અંગે પૂરતી માહિતી મળતી નથી.

ઘણા સમયે નાગરિકો દૂર દૂરના ગામડાઓમાંથી કચેરીમાં આવે છે, પરંતુ કચેરીનો સમય કે રીસેસ સમય વિશે માહિતી ન હોવાથી તેમને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે અથવા ફરીથી આવવું પડે છે. આ કારણે સામાન્ય નાગરિકોને અનાવશ્યક મુશ્કેલીઓ અને સમયનો બગાડ સહન કરવો પડે છે.

સરકાર દ્વારા પારદર્શિતા અને સુવિધા વધારવા માટે વિવિધ સૂચનાઓ આપવામાં આવતી હોય છે, છતાં ઘણી કચેરીઓમાં આ બાબતનું પાલન થતું નથી. જો દરેક કચેરીમાં કામકાજનો સમય તથા રીસેસ સમય કચેરીના પ્રવેશદ્વાર પર તથા કચેરીની અંદર સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે, તો સામાન્ય નાગરિકોને ખૂબ સરળતા રહેશે અને સરકારી કામગીરી વધુ પારદર્શક બની રહેશે.

અમરેલી જિલ્લાની તમામ સરકારી કચેરીઓને યોગ્ય સૂચના આપી કામકાજનો સમય અને રીસેસ સમય કચેરીના બહાર તથા અંદર સ્પષ્ટ રીતે લખી મૂકવા અંગે જરૂરી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

# બાબરામાં પૂજય ઘનશ્યામદાસ બાપુના અધ્યક્ષસ્થાને ''સનાતન હિન્દુ સંમેલન'' યોજાયુ









તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરના આંગણે તાપડીયા આશ્રમ ખાતે પૂજય ઘનશ્યામદાસ બાપુના અધ્યક્ષ સ્થાને એક ભવ્ય અને દિવ્ય 'સનાતન હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં સાધુ–સંતો, વિહિન્દુ પરિષદ, આરએસએસના પદાધિકારીઓ સહિત રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલન પૂર્વે ચિતલ રોડ પર આવેલા પૂજય જલારામબાપાના મંદિરથી તાપડીયા આશ્રમ સુધી આશરે ૩ કિલોમીટર લાંબી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. વાજતે–ગાજતે અને 'જય શ્રી રામ' ના ગુંજારવ સાથે નીકળેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં હિન્દુઓ, રાજકીય અગ્રણીઓ, વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખી મોટી સંખ્યામાં જોડાયા હતા. અહીં દિવ્ય શોભાયાત્રા શણગારેલા ટ્રેકટરો અને વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. શહેરના રાજમાર્ગો પર હિન્દુ સમાજનો અભૂતપૂર્વ જોશ જોવા મળ્યો હતો. માર્ગમાં દાઉદી વ્હોરા સમાજ તથા અન્ય હિન્દુ સંગઠનો દ્વારા ઠંડા પાણી અને શરબતનું વિતરણ કરી ભાઈચારાનું ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું હતું. અહીં શોભાયાત્રા તાપડીયા આશ્રમમાં આવ્યા બાદ વિરાટ હિન્દુ સંમેલન યોજાયું હતું. તાપડીયા આશ્રમ ખાતે આયોજિત મુખ્ય સંમેલનમાં પૂજય ઘનશ્યામદાસ બાપુ તથા અન્ય સંતોએ દીપ પ્રાગટય કરી આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ ગામોથી આવેલા પ્રતિનિધિઓ અને સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. વકતાઓએ જ્ઞાતિ–જાતિના ભેદ ભૂલી, પર્યાવરણની જાળવણી, કુટુંબ વ્યવસ્થાને મજબૂત બનાવી હિન્દુ સમાજ એક બને તેવો અનુરોધ કર્યો હતો. આભાર વિધિ દરમિયાન પૂર્વ નાયબ મામલતદાર પી.એલ. મારૂએ જણાવ્યું હતું કે, 'હિન્દુ સમાજ ત્યારે જ સાચા અર્થમાં એક કહેવાશે જયારે આપણે દલિત અને વાલ્મિકી સમાજને ખભેખભા મિલાવી સાથે રાખીશું.' તેમણે સાધુ–સંતો અને ધર્મગુરૂઓને પણ અપીલ કરી હતી કે તેઓ આગળ આવી આ સામાજિક ભેદભાવ દૂર કરવા પ્રયત્ન કરે, તો જ સાચી સમરસતા આવશે. તેવું અંતમાં જણાવ્યું હતું. મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, હિન્દુ સંમેલન અધ્યક્ષ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, અનિભાઈ મકવાણા (કારોબારી ચેરમેન), લલિતભાઈ આંબલિયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, ભુપેન્દ્રભાઈ બસિયા, ભુપતભાઈ બસિયા, હરેશભાઈ આખજા, નરેશભાઈ દસલાણીયા સહિત વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સરદાર સર્કલથી સ્વામી મંદિર સુધી માર્ગ, સર્કલ, પ્રવેશદ્વાર સહિતનાં કામો કરાશે

# અમરેલીમાં શુક્રવારે રૂા. ર૬૭.૪૫ લાખનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**ગઢડા અને અમરેલીનાં સ્વામીનારાયણ મંદિરનાં કોઠારીશ્રી આશીર્વચન પાઠવશે**

**કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી બિરાજમાન થશે**

**રાજયકક્ષાનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનાં વરદ્દહસ્તે ખાતમુહૂર્ત કરાશે**

**સાંસદ સુતરીયા, જિલ્લા કલેકટર, એસ.પી., પી.પી. સોજીત્રા સહિતનાં આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહેશે**



અમરેલી, તા. ૩

અમરેલી ખાતે આગામી શુક્રવારે બપોરે ૪:૩૦ કલાકે સરદાર સર્કલનજીક રૂપિયા ર૬૭.૪૫ લાખનાં વિકાસ કાર્યોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ અમરેલી પાલિકાધ્વારા યોજાઈ રહ્યો છે.

ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સ્વામીનારાયણમંદિર–ગઢડાનાં કોઠારી આધ્યાત્મસ્વરૂપ સ્વામી અને અમરેલી સ્વામીનારાયણ મંદિરનાં કોઠારી સાધુચરિતસ્વામી આશીર્વચન પાઠવશે અને કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી રહેશે.

ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદહસ્તે ખાતમુહૂર્ત કરાશે.

અમરેલીનાં સાંસદ ભરત સુતરીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક સંજય ખરાત અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, પી.પી. સોજીત્રા, રાજુભાઈ ભૂતૈયા, મયુરભાઈ માંજરીયા, ચેતન શિયાળ, વિજયભાઈ ચોટલીયાની વિશેષ ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમમાં શહેરીજનોને ઉપસ્થિત રહેવા પાલિકા પ્રમુખ બિપિન લીબાણી, ઉપપ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનિષ ધરજિયા અને ચીફ ઓફિસર વી.સી. રાઠોડ અને નગરસેવકોએ અનુરોધ કરેલ છે.

### જિલ્લામાં અમરેલી સર્કલનું પ્રથમ ગામ

## દામનગર પીજીવીસીએલ કચેરી હેઠળનું નાના રાજકોટ સૌપ્રથમ 'એરિયસ નીલ' ગામ બન્યું

**સિદ્ધિ પાછળ ઈલેકિટ્રકલ,આસિ. બોરીચા અને યાદવની નિષ્ઠાપૂર્વકની કામગીરી**

અમરેલી, તા. ૩

અમરેલી પીજીવીસીએલ સર્કલ હેઠળ આવતાં એક ગામમાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ છે. જેમાં દામનગર કચેરી હેઠળ આવતું નાના રાજકોટ ગામ અમરેલી સર્કલનું પ્રથમ એરિયસ નીલ ગામ બન્યું છે. આ ગામમાં ૧ રૂપિયાથી વધુની બાકી રકમ સંપૂર્ણપણે વસૂલ કરીને બાકીદારીની સંખ્યા શૂન્ય કરવામાં આવી છે.આમ પીજીવીસીએલ કંપનીના નિર્ધારિત લક્ષ્યાંકો મુજબ વસૂલાત અભિયાન સફળ બનાવતા કચેરીના સ્ટાફે પ્રશંસનીય કામગીરી નોંધાવી છે.

આ સિદ્ધિ પાછળ કચેરીના ઈલેકિટ્રકલ આસિસ્ટન્ટ જે. એચ. બોરીચા અને એમ. એચ. યાદવની નિષ્ઠાપૂર્વકની મહેનત મહત્વપૂર્ણ રહી છે. પીજીવીસીએલના આ ગામનાં બાકીદારો સાથે સતત સંપર્ક, વ્યક્તિગત સમજણ અને સમયસર દ્વારા તેમણે ગામમાં બાકી રકમની સંપૂર્ણ વસૂલાત કરી હતી. તેમની અથાગ મહેનત અને ટીમવર્કના કારણે નાના રાજકોટ ગામ એરિયસ નીલ તરીકે જાહેર થયું છે.

પીજીવીસીએલ કંપનીના અધિકારીઓએ પણ બંને કર્મચારીઓની કામગીરીને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી છે. કંપનીના લક્ષ્યને હાંસલ કરવા માટે તમે જે નિષ્ઠા અને મહેનત બતાવી છે, તે ખરેખર પ્રશંસનીય છે. કર્મીઓની આ અથાગ મહેનત વગર આ સિદ્ધિ મેળવવી મુશ્કેલ હતી, એમ પ્રશંસા વ્યક્ત કરવામાં આવી. સાથે જ ભવિષ્યમાં પણ આવો જ ઉત્સાહ જાળવી કંપનીની પ્રગતિમાં સહભાગી બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

### છાયાબેન ઠુંમર નામની તરૂણીએ અંતિમવાટ પકડી

## ધારીની વિદ્યાર્થીનીએ પરીક્ષામાં પેપર નબળા જતાં નાપાસ થવાનાં ભયથી ઝેર પીધુ

**સારવાર દરમિયાન મોત થતાં શોકનો માહોલ**

અમરેલી, તા. ૩

હાલમાં હજુ તો બોર્ડની ધો.૧૦ તથા ધો.૧૨ની પરીક્ષા શરૂ છે. ત્યાં તો ધારી ગામે રહેતી એક વિદ્યાર્થીનીએ પેપર નબળા થતાં નાપાસ થવાના ડરથી ઘંઉમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા સારવાર તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં ભારે અરેરાટી ફેલાય જવાં પામેલ છે.

આ બનાવમાં ધારી ગામે આવેલ પુરબીયા શેરીમાં રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાયાબેન ભવાનભાઈ ઠુમ્મર નામની ૧૬ વર્ષીય તરૂણીને ધોરણ–૧૨ની પરીક્ષા શરૂ હોઈ અને બે પેપર નબળા ગયેલ હોય જેથી તેણી નાપાસ થશે તેવાં ડરથી ગત તા.રના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યા આસપાસ ધારી ખાતેના રહેણાક મકાને ઘંઉમાં નાખવાનાં ઝેરી ટીકડા પી જતા તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ)
6000 ચો.ફુ. જગ્યા
CCTV કેમેરાથી સજ્જ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઈ–ફાઈ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ અને કેટરીંગની સુવિધા
12 L.E.D. ફલડ લાઇટથી સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.
















### સમગ્ર કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

# અમરેલી : શ્રીમતી આર.કે. વઘાસીયા કોર્મસ મહિલા કોલેજનું B.Com (Sem-V)નું શ્રેષ્ઠ પરિણામ

### ક્રિનલ ભાકોડીયા, સપના બારોલીયા અને નેહાલી પરમાર અગ્રેસર







અમરેલી, તા. ૩

અમરેલીમાં પટેલ શૈક્ષણિક સંકુલ ખાતે શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું B.Com (EM) Sem-vનું ૧૦૦ ટકા પરિણામ અને તે પણ ૧૦૦ ટકા ડિસ્ટીંકશન આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની ક્રિનલ ભાકોડીયા, સપના બારોલીયા અને નેહાલી પરમારે અનુક્રમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

તમામ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર અને ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાએ ખાતમુહૂર્ત કર્યુ

# લીલીયા મોટાનાં કુતાણા ગામે રૂપિયા ૨૫૦ લાખનાં ખર્ચે બ્રિજ બનાવાશે

### ભોરીંગડા, ખારા સહિતનાં ગામોની અવરજવર સરળ

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા લીલીયા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે કુતાણા ગામ ખાતે ખારી નદી ઉપર અંદાજિત રૂ ૨૫૦ લાખના ખર્ચે બનનારા નવા બ્રિજના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત રીતે યોજાયું. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના શુભારંભથી ગામ તથા આસપાસના વિસ્તારોના વિકાસને નવી દિશા મળશે.ખારી નદી પર બનનારો આ નવો બ્રિજ લાંબા સમયથી વિસ્તારના લોકોની માંગ હતી. ખાસ કરીને ચોમાસા દરમિયાન નદીમાં પાણીની આવક વધતા ગામજનોને અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા બ્રિજના નિર્માણથી હવે વર્ષભર સુગમ, સરળ અને સુરક્ષિત અવર–જવર સુલભ બનશે.



વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ તથા રોજગાર માટે જતા નાગરિકોને આ પ્રોજેક્ટથી વિશેષ લાભ મળશે.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ બ્રિજ માત્ર પરિવહન સુવિધા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ સ્થાનિક આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન આપશે. ખેતી ઉત્પાદનને બજાર સુધી ઝડપથી પહોંચાડવામાં સહાય મળશે તેમજ ઈમરજન્સી સેવા માટેનો સમય પણ ઘટશે. ગ્રામજનોમાં આ પ્રોજેક્ટને લઈને આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી. તેમણે વિકાસલક્ષી કામગીરી માટે આભાર વ્યકત કર્યો અને ભવિષ્યમાં પણ આવા જનહિતના કાર્યો સતત આગળ વધે તેવી અપેક્ષા વ્યકત કરી.અંતમાં, વિકાસના માર્ગે આગળ વધતા કુતાણા ગામ માટે આ બ્રિજ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે એવી આશા વ્યકત કરવામાં આવી.

### રાજયમંત્રી વેકરીયાના હસ્તે પુરસંરક્ષણ દીવાલનું ખાતમુહૂર્ત

# માલવણ ગામે અંદાજિત રૂ. ૩૮ લાખના ખર્ચે પુર સંરક્ષણ દીવાલનું નિર્માણ હાથ ધરવામાં આવશે

### શેડુભાર મુકામે કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરાયુ



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના માલવણ ગામે ઊર્જા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પુરસંરક્ષણ દિવાલના નિર્માણ કાર્યનું વિધિવત્ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની ઉપસ્થિતિ અને લોકઉત્સાહ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે વ્યકત થઈ હતી.

માલવણમાં અંદાજિત રૂ. ૩૮ લાખના ખર્ચે આ પુરસંરક્ષણ દિવાલનું નિર્માણ હાથ ધરવામાં આવશે. વરસાદી ઋતુ દરમિયાન પૂર જેવી પરિસ્થિતિમાં થતું નુકસાન અટકાવવા માટે આ દિવાલ મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના પ્રવાહને નિયંત્રિત કરી જાહેર સંપત્તિને સુરક્ષા મળશે.આ સાથે અમરેલી તાલુકાના શેડુભાર ખાતે ભૂતડાદાદાના મંદિર ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કોમ્યુનિટી હોલ ગામના સાંસ્કૃતિક સામાજિક કાર્યો માટે ચેતનાનું કેન્દ્ર બનશે તેવો વિસ મંત્રીએ વ્યકત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના અને તાલુકા પંચાયતના સભ્યો અને સ્થાનિક અગ્રણીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુમન સેવા ટ્રસ્ટ દ્વારા

# અમરેલી ખાતે લગ્નોત્સવ યુવક અને યુવતીઓનો પરિચય મેળો યોજાશે

### આગામી ૧૦મેનાં રોજ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૩

અમરેલી ખાતે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રહેતા સર્વજ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક/યુવતીઓ જીવનસાથી પરિચય સમારંભ તા. ૧૦/૫/૨૬ ના રોજ ૧૮મા વેવિશાળ મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

આ મેળામાં અગાઉ ફોર્મ ભરીને ભાગ લીધેલ તે વિનામૂલ્યે યુવક/યુવતીઓ ભાગ લઈ શકશે. આ મેળામાં ભાગ લેવા માગતા, નવા ફોર્મ માટે ઓનલાઈન અથવા રૂબરૂ ફોર્મ અને માહિતી ટ્રસ્ટ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ શ્રીરામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, હરીરામ હોલસેલ માર્કેટ યાર્ડ દુ.નં.૧૩, પહેલા માળે, અમરેલી મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦ રતનબેન આર. બલદાણીયા મો. ૯૨૬૫૦ ૪૫૨૦૦, પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭૯૮૬૪૭નો સંપર્ક કરવા જણાવાયુ છે.

# ચલાલામાં શ્રી મોગલ માઁ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા પાટોત્સવ તથા સન્માન સમારોહ યોજાયો



ચલાલા, તા.૩

ચલાલા ખાતે શ્રી મોગલ માઁ માનવ સેવા ટ્રસ્ટ (ચલાલા–સુરત) દ્વારા સાંઈનાથ મંદિરના પાવન સાંનિધ્યમાં હનુમાનજી મંદિરનો પાટોત્સવ તેમજ નવનિયુક્ત હોદ્દેદારોનો ભવ્ય સન્માન સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગઢીયા ગીર દાનેવ ધામના મહંત શ્રી હર્ષદબાપુ ભગતની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને આધ્યાત્મિક ગૌરવ આપ્યું હતું. સંતો – મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી અવિરત સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. જેમાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન, પક્ષીઓને ચણ,ગાયોને ઘાસચારો, ભૂખ્યાને ભોજન, સરકારી શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા તેમજ બુટ – ચપ્પલ વિતરણ, જરૂરિયાતમંદ પરિવારોને રાશન કિટ વિતરણ, જેવી સેવાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત જન્માષ્ટમી, મહાશિવરાત્રી અને નવરાત્રી જેવા ધાર્મિક તહેવારોની ભવ્ય ઉજવણી સાથે આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે પણ વિવિધ સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે.આ પ્રસંગે ચલાલાના નવનિયુક્ત હોદ્દેદારોનું ગૌરવપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. તેમાં ચલાલાના રઘુવંશી મહિલા અગ્રણી અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઈ કારીયાની અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકેની વરણી બદલ, તેમજ ચલાલાના ભઈલુભાઈ વાળાની જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકેની નિમણૂંક બદલ અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ચલાલા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી ભૂમિબેન વાળાના પતિ – જયરાજભાઈ વાળાનો પણ આદરપૂર્વક માન સન્માન કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં તા.૬ માર્ચે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૩

અમરેલીજિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર શીતલ કુલ પ્રોડકટ લિમિટેડ અમરેલી માટે ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપધોરણ ૧૦પાસથીઓછુંઅનેસ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૬/૩/૨૦૨૬ના રોજ સવારે ૯ કલાકથી રોજગાર ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુ ઉમેદવારોએશીતલકુલપ્રોડકટલિમિટેડ, પ્લોટ ન. ૭૫ થી ૮૧, જીઆઈડીસી એસ્ટેટ, અમરેલીખાતેપહોંચવાનુંરહેશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/accunt/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર Login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગારઅધિકારીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીની સનરાઈઝ વિદ્યાલયમાં હોળિ અને ધુળેટીની આસ્થાભેર ઉજવણી



અમરેલી, તા.૩

અમરેલીની જાણીતી શૈક્ષણિક સંસ્થા સનરાઈઝ વિદ્યાલય ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન હોળી અને ધૂળેટીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના પટાંગણમાં આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શાળા પરિવારમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. ભક્તિમય માહોલમાં હોલિકા દહન ઉજવણીના પ્રથમ ચરણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો.

**ધાર્મિક મહત્વ :** વિદ્યાર્થીઓને હોળી પાછળ રહેલી ભક્ત પ્રહલાદની કથા અને 'અધર્મ પર ધર્મના વિજય' વિશે સમજણ આપવામાં આવી હતી. **પૂજન અર્ચન :** શાળા પરિવારના સભ્યો અને વિદ્યાર્થીઓએ હોલિકાની પ્રદક્ષિણા કરી શ્રીફળ અને ધાણી – મમરાની આહુતિ આપી સુખ – શાંતિની પ્રાર્થના કરી હતી.

**રંગોભર્યું ધૂળેટી પર્વ :** હોળીના બીજા દિવસે શાળાના મેદાનમાં બાળકો માટે ધૂળેટીની મજા માણવાનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ અને સંસ્કારનો સમન્વય શાળાના સંચાલક જયેશભાઈ ઉપાધ્યાયએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આવા તહેવારોની ઉજવણીથી બાળકોમાં આપણી પરંપરાઓ પ્રત્યે આદર વધે છે અને પરસ્પર ભાઈચારાની ભાવના દ્રઢ બને છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો અને સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### તાલુકાના વિવિધ ગામડાઓમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા

# સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં વર્કશોપ યોજાયો

### વિવિધ ગામના સરપંચો અને અધિકારીઓને માહિતી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું

અમરેલી , તા. ૩

નિર્મલ ગુજરાત ૨.૦ અંતર્ગત સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં વિવિધ ગામના સરપંચઓ, અલગ અલગ વિભાગના અધિકારીઓ, તલાટી મંત્રીઓને ગ્રામ વિકાસ, સ્વચ્છતાલક્ષી માળાખા વિષયક માહિતી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામડાઓમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે સંવાદ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. અમરેલી જિલ્લામાં પણ આત્મા પ્રોજેક્ટ હેઠળ પરિસંવાદ, સેમિનાર, મોડેલ ફાર્મ મુલાકાત અને તાલીમ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.



પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ કાર્યક્રમો થકી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. ઉપરાંત ખેડૂતોને મોડેલ કૃષિ ફાર્મની મુલાકાત દ્વારા પ્રત્યક્ષ રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની સમજ આપવામાં આવે છે.

તાલુકા પંચાયત સાવરકુંડલા દ્વારા આયોજિત વર્કશોપમાં પ્રાકૃતિક ખેતી દ્વારા રોગ તથા જીવાત નિયંત્રણ, જમીનની જીવંતતા વધારવી, ખર્ચ ઘટાડવો તેમજ પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રકારની તાલીમોથી પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળશે અને ખેડૂતોને ટકાઉ, ખર્ચ ઘટાડતી તથા પર્યાવરણ મિત્ર ખેતી તરફ આગળ વધવાની પ્રેરણા મળશે.

# અમરેલી ખાતે પી.આર. ધામી કન્યા શાળા અને એસ.એમ. વઘાસિયા સ્કુલમાં વિજ્ઞાન મેળો યોજાયો



અમરેલી, તા. ૩

અમરેલી ખાતે LPT ઉચ્ચ પ્રાથમિકશાળા અનેપી.આર. ધામીપ્રાથમિક કન્યા શાળા તેમજ એસ.એમ. વઘાસિયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં વિજ્ઞાન પ્રત્યે રસ વધારવા ભવ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યુંહતું વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક વિષયો પર આકર્ષક અને સર્જનાત્મક પ્રોજેકટ તૈયાર કર્યાહતાં.

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલમાં હોલિકા દહનનો પાવન પર્વ ઉજવાયો



અમરેલી તા. ૨ માર્ચ ૨૦૨૬, ફાગણ સુદ પૂનમના પવિત્ર દિવસે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે ધોરણ ૪ થી કોલેજના હોસ્ટેલ વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ હર્ષોલ્લાસભેર હોલિકા દહન ઉજવવામાં આવ્યું. હોલિકા દહનના દર્શન કર્યા બાદ વિદ્યાર્થીઓએ ભકિતભાવપૂર્વક ગરબા લઈ પ્રદક્ષિણા કરી અને સંસ્કારમય વાતાવરણમાં ઉત્સવને ઉજવણીનો રંગ આપ્યો. સમગ્ર કેમ્પસમાં આધ્યાત્મિકતા અને ઉત્સાહનું સુમેળભર્યું દ્રશ્ય સર્જાયું હતું. હોલિકા દહન અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. ભકત પ્રહ્લાદને બચાવવા અને દુષ્ટ હોલિકાના અંતની યાદમાં આ પાવન અગ્નિ પ્રગટાવવામાં આવે છે. અગ્નિમાં નકારાત્મકતા, બૂરાઈ અને વાસનાત્મક આકર્ષણને પ્રતીકાત્મક રીતે સળગાવી નવી શરૂઆત, સદબુદ્ધિ અને સકારાત્મકતાનો સંદેશ આપવામાં આવે છે. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને હોલિકા દહનનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે "પ્રહ્લાદ અને હોલિકાની કથા આપણને અડગ શ્રદ્ધા અને સત્યના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. જીવનમાં મુશ્કેલીઓ આવે તો પણ સત્ય અને ભકિત અંતે વિજયી બને છે." આ તકે વિદ્યાર્થીઓમાં નવી ઊર્જા અને આત્મવિાસનો સંચાર થાય, તે માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ તથા મનસુખભાઈ ધાનાણીએ હોલિકા દહનની તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ પાવન પ્રસંગને સફળ બનાવવા માટે સુપરવાઈઝરઓ અને ટીચિંગ –નોન ટીચિંગ સ્ટાફ જેહમત ઉઠાવેલ. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# અમરેલી : એસ.ટી.ડિવિઝન યંત્રાલય ખાતે નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



અમરેલી, તા.૩

અમરેલી એસ.ટી. ડિવિઝનના વિભાગીય યંત્રાલય ખાતે ગત તા.૨૮ ના રોજ યંત્રાલયના કર્મચારી નટુભાઈ જીલુભાઈ સાનિયા (બોડી ફીટર) વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમને વિદાય અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુનિયનના હોદ્દેદારો તેમજ યંત્રાલયના તમામ કર્મચારી મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિભાગના નિયામક બી.ટી. પટેલ, યાંત્રિક ઈજનેર, કે. જે. મહેતા તથા અમરેલી ડેપો મેનેજર દવે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ સન્માન સમારોહ દરમિયાન સહકર્મચારીઓ દ્વારા નટુભાઈ સાંનિયાના કાર્યકાળની નિષ્ઠા, પ્રામાણિકતા અને સમર્પણની પ્રશંસા કરવામાં આવી હતી. વર્ષો સુધી વિભાગને આપેલી તેમની ઉત્તમ સેવાઓને યાદ કરી ભાવુક ક્ષણો સર્જાઈ હતી.

આ પ્રસંગે નટુભાઈ સાંનિયાએ તમામ અધિકારીઓ, યુનિયનના હોદ્દેદારો તથા સહકર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને સેના સહકારથી જ પોતાની સેવા સફળતાપૂર્વક પૂર્ણ કરી શકયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

કાર્યક્રમ અંતે સૌએ નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી અને સન્માનચિહ્ન અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી.

### અમરેલીમાં દેવી પુજકની વ્યાપક માંગ

# સારવારમાં કથિત બેદરકારનીથી મોતને ભેટેલ મહિલાનાં પરિવારજનોને ન્યાય આપો

### ૧૦ દિવસથી મૃતદેહની અંતિમવિધિ થઈ શકી નથી



અમરેલી, તા. ૩

અમરેલી સિવિલ હોસ્પિટલમાં થોડા દિવસ પહેલાં એક મહિલાનું ઓપરેશન કર્યા બાદ મહિલાનું મોત નિપજયું હતું. આ બનાવ બાદ મૃતક મહિલાનાં પરિવારે ઓપરેશન દરમિયાન ડોક્ટરની બેદરકારીથી મહિલાનું મોત નીપજયાંનો આક્ષેપ કરી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી જવાબદાર સામે ફરિયાદ દાખલ કરવાં માંગ કરી ધરણા ઉપર બેસી ગયા છે. ત્યારે આજે દેવીપૂજક સમાજ આ પરિવારની મદદે આવી જિલ્લા કલેકટરને ફરી એક વખત ન્યાય આપવાં માંગ કરી છે. અને આગામી સમયમાં આંદોલન ઉગ્ર બનાવવાં અને મૃતક મહિલાનાં મૃતદેહને ગાંધીનગર લઈ જવાશે તેવી પણ ચીમકી ઉચારી છે.

આ બનાવમાં બોટાદ જિલ્લાનાં બરવાળા ગામે રહેતી ભનીબેન હરેશભાઈ મણદૂરિયાં નામની ૩૯ વર્ષીય પરિણીતાને કોથળીના ઓપરેશન માટે અમરેલીની સરકારી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતા. ત્યારે ગત તા.૧૬ ના રોજ તેણીનું કોથળીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેણીનું સારવાર દરમિયાન મોત નિપજતાં મૃતક પરિવારે ડોક્ટરની બેદરકારીના કારણે તેણીનું મોત નિપજયાનો આક્ષેપ કરી પરિણીતાનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દેતાં અજિદન સુધી હજુ મૃતદેહ સ્વીકારેલ નથી.

આ બનાવના આટલા દિવસો પછી પણ મૃતક મહિલાનો મહિલાનો મૃતદેહ નહીં સ્વીકારી અને જવાબદાર સામે પગલાં ભરવાં માંગ કરી હતી.આ બનાવ બાદ આજે આ મામલે દેવીપૂજક સમાજના લોકો કલેક્ટર કચેરીએ પહોંચી અને અમરેલી કલેક્ટરને ફરી એક વખત રજુઆત કરી હતી.આ અંગે સમાજનાં આગેવાન દીપકભાઈ ચુડાસમાએ જણાવ્યું હતુ કે, આગામી સમયમાં જવાબદાર સામે પગલાં ભરવાં તથા ન્યાય આપવાં માંગ કરતાં જણાવેલ છે, ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ જાહેર કરવા તથા તેમની પોલીસ ફરિયાદ નોંધવા પણ માંગ કરી છે જો તેમ નહીં કરવામાં આવે તો મૃતક મહિલાનાં મૃતદેહને ગાંધીનગર લઈ જવાશે. અને જરૂર પડ્યે વધુ જલદ આંદોલનની ચિમકી પણ ઉચારી છે.

### ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને

# કુંકાવાવ–વડિયાનાં જંગર મુકામે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ

### પશુપાલનથી શ્વેતક્રાંતિ દ્વારા સમૃધ્ધિના દ્વારા ખોલવા માટે આહ્વાન કરતા રાજયમંત્રી



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના જંગર મુકામે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી પશુપાલકોને માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીએ પોતાના સંબોધનમાં પશુપાલનના આર્થિક અને સામાજિક મહત્ત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, રાજય સરકાર પશુપાલકોના હિત માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી રહી છે. રાજય સરકાર દ્વારા સંચાલિત ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સ સેવા દ્વારા પશુઓને તાત્કાલિક આરોગ્ય સારવાર સુલભ બની છે, જે પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

તેમણે પશુપાલન થકી શ્વેતક્રાંતિ લાવી અને સમૃદ્ધિના દ્વાર ખોલતા બનાસકાંઠા સહિતના પુશપાલન આધારિત જિલ્લાના પશુપાલકોની સફળતાના ઉદહારણ રજૂ કરી અને અમરેલી જિલ્લાના ખેડૂતોને ખેતી સાથે પશુપાલન અપનાવી વધારાની આવક પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો.

મંત્રીએ પશુઓમાં ફેલાતા બ્રુસેલા વાયરસના સંક્રમણને અટકાવવા રાજય સરકાર દ્વારા આપવામાં આવતી રસી અંગે માહિતી આપી અને વ્યાપક રસીકરણ કેમ્પો યોજી જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત વ્યકત કરી હતી.

આ સાથે તેમણે અમરેલી તથા વડિયા–કુંકાવાવ તાલુકાના કૃષિકારોને લાભ મળે તે માટે રાજય સરકાર દ્વારા સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન (SAUNI) યોજનાના પાણીથી તળાવો ભરવાના મહત્વાકાંક્ષી કાર્યક્રમની જાહેરાત કરી હતી. તેમજ વિધાનસભાના તમામ ૧૧૫ ગામોમાં આગામી સમયમાં તળાવો ખોદવાની કામગીરી હાથ ધરાશે તેવી પણ જાહેરાત કરી હતી.

આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયાએ સેક્સ સોર્ટેડ સિમેન થકી વાછરડીના સફળ જન્મ અંગે માહિતી આપી અને અમર ડેરી દ્વારા પશુપાલન ક્ષેત્રે અમલમાં મૂકાતી વિવિધ આધુનિક સેવાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે રાહતદરે ઉપલબ્ધ એમ્બ્રિયો ટેકનોલોજીનો લાભ લેવા પશુપાલકોને અનુરોધ કર્યો હતો.

આ શિબિરમાં વકતાઓ દ્વારા પશુપાલકોને રાજય સરકારની યોજનાઓ અને રસીકરણ સહિતના અભિયાનો અંગે માર્ગદર્શન અપાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન માંગરોળીયા, કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમભાઈ હીરપરા, અગ્રણી મનોજભાઈ હપાણી, વસાણી, ઢોલરીયા, આસપાસના ગામના સરપંચો, પશુપાલન વિભાગના અધિકારીઓ અને કર્મયોગીઓ તેમજ વિવિધ ગામના પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગળકોટડી પ્રાથમિક શાળામાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરા તાલુકાની ગળ કોટડી પ્રાથમિક શાળા ખાતે ૨૮ ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે શાળાના બાળકો દ્વારા વિજ્ઞાનના વિવિધ મોડ્યુલ તૈયાર કરી, વર્તમાન સમયમાં ગુણવત્તાયુકત જીવન અને સુરક્ષા માટે વિજ્ઞાનનો અસરકારક ઉપયોગ કઈ રીતે કરી શકાય તેની જીવંત અને રસપ્રદ જાણકારી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને રમત–ગમત સાથે જ્ઞાન મળે તે હેતુથી વિજ્ઞાન શિક્ષિકા વૈશાલીબેન જાવિયા દ્વારા એક વિશેષ 'વિજ્ઞાન ક્વિઝ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સી.આર.સી. કો–ઓર્ડિનેટર સંજયભાઈ વસાણીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ક્વિઝમાં વિજેતા બનેલા તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી નવાજયા હતા અને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે બી.આર.સી. ભવનમાંથી ખાસ ઉપસ્થિત રહેલા પંકજભાઈ સોલંકીએ વિદ્યાર્થીઓની કૃતિઓને નિહાળી હતી અને તેમના કૌશલ્યને બિરદાવી પ્રેરણાત્મક ઉદ્બોધન આપ્યું હતું. શાળાના આચાર્ય ડો. પ્રકાશભાઈ દવેએ બાળકોને વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધવા માટે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષક ભાઈ–બહેનોએ જહેમત ઉઠાવી સહયોગ આપ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ હાજર રહી વિજ્ઞાન દિવસની આ ઉજવણીને યાદગાર બનાવી હતી.

# અમરેલી:ગજેરા કેમ્પસ વિદ્યાસભાનો રમત-ગમતમાં ફરી વિજયપરચમ રાજય કક્ષાએ સ્વિમિંગમાં બહેનોની ઐતિહાસિક સિધ્ધિ



અમરેલી, તા. ૩

અમરેલી ખેલ મહાકુંભ અંતર્ગત અંડર–૧૧, ૧૪ અને ૧૭ બહેનોની રાજય કક્ષા સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન હિંમતનગર ખાતે કરવામાં આવ્યું હતું. રાજયભરના વિવિધ તાલુકાની શ્રેષ્ઠ શાળાકીય સ્વિમિંગ ટીમોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાની ડી.એલ.એસ.એસ. બહેનોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી. જેમાં ૧) શેખ પૂજા ૧૦૦મી બેક સ્ટ્રોક –રજત પદક મેળવેલ, ૨) વાળા અર્ચનાબા ૧૦૦મી ફ્રી સ્ટાઈલ કાંસ્ય પદક તેમજ ૫૦મી ફ્રી સ્ટાઈલ કાંસ્ય પદક મેળ વેલ, ૩) બાવળિયા વૈશાલી ૧૦૦મી બટરફલાય–કાંસ્ય પદક મેળવેલ છે. જે કઠોર મહેનત, શિસ્તબદ્ધ પ્રશિક્ષણ અને આત્મવિાસના બળ પર બહેનોએ સ્વિમિગ સ્પર્ધાના વિવિધ ઈવેન્ટ્સમાં ઉત્તમ દેખાવ કરતા સિદ્ધિઓ હાંસલ કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું. સ્વિમિગના ખેલાડીઓએ પ્રારંભિક રાઉન્ડથી જ પોતાની શકિતનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ સમય નોંધાવ્યો અને ફાઈનલ સુધી સફળ સફર કરી રાજયસ્તરે સ્થાન પ્રાપ્ત કર્યું. આ સિદ્ધિ સમગ્ર સંસ્થા પરિવાર અને જિલ્લામાં આનંદ તથા ગર્વની લાગણી પ્રગટાવનારી બની છે. સંસ્થામાં શિક્ષણ સાથે રમત–ગમતને સમાન મહત્વ આપવામાં આવે છે. અનુભવી કોચ અને ટ્રેનરોના માર્ગદર્શન હેઠળ નિયમિત પ્રશિક્ષણ, આધુનિક સુવિધાઓ અને પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્વીમીંગ ખેલાડી, કોચ પ્રીતમ પટેલ અને ટ્રેનર દીપેન ધુતને અભિનંદન પાઠવી વધુ ઊંચી સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# શાખપુર ગામે સર્વે જ્ઞાતિ સમાજ દ્વારા સમુહલગ્ન યોજાશે

લાઠી, તા.૩

લાઠી તાલુકાના શાખપુર મુકામે આવેલ ગીગુબાદશાહના મેલડી માતાજીના મંદિર દ્વારા યોજાનાર આગામી બીજા સમુહ લગ્નોત્સવમાં લાભ લેવા માગતા યુવક–યુવતીઓના વાલીઓએ તા.૧૦/૩/૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોય, મેળ વી લેવા તેમ મંદિરનાં મહંત શ્રી વાસુદેવબાપુ મો. ૮૩૨૦૫૫૨૭૧૩. સંપર્ક કરી રૂબરૂ આવી જવું તેમ એક યાદીમાં જણાવેલ છે.

### સંગઠીત હિન્દુ સમર્થ ભારત

# ચિત્તલ ખાતે સરસ્વતી વિદ્યાલયમાં વિરાટ હિન્દુ સંમેલન અંતર્ગત બેઠક યોજાઈ

### હિન્દુ સંમેલન સમિતિનાં અધ્યક્ષ તરીકે જયસુખભાઈ દેસાઈને જવાબદારી સોંપાઈ



અમરેલી, તા. ૩

ચિત્તલ સંઘ સતાબ્દી વર્ષની ઉજવણી સમગ્ર દેશમાં ચાલી રહી છે તે અંતર્ગત સંગઠીત હિન્દુ સમર્થ ભારત અંતર્ગત યોજાનાર વિરાટ હિન્દુ સંમેલન માટે અમરેલી તાલુકાનાં ચિત્તલ મંડળ નાં ૧૩ ગામોનાં પ્રબુધ્ધ નાગરિકોની એક બેઠક તા. ૨૮/૨/૨૬ શનિવારનાં રોજ સરસ્વતી વિદ્યાલય ચિત્તલ ખાતે યોજાઈ ગઈ. તેમાં દરેક ગામમાંથી પ્રતિનિધિઓ હાજર રહેલ. સર્વે જ્ઞાતિઓનાં પ્રતિનિધિઓ લગભગ ૧૦૦ જેવી સંખ્યામાં ઉપસ્થિત રહેલા.

આ બેઠકમાં ''મહાદેવ સેના હિંદુ સંમેલન સમિતિ''ની રચના કરવામાં આવેલ હતી. તે સમિતિનાં અધ્યક્ષ તરીકે જયસુખભાઈ મનુભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી. ''ૐ''ના નાંદ સાથે હાજર તમામ લોકોએ આ વરણીને વધાવી હતી.

દીપપ્રાગટય બાદ બેઠકમાં નિર્ણય કરવામાં આવેલ આગામી તા. ૧૫/૩/૨૬ ને રવિવારનાં રોજ આ ચિત્તલ મંડળનાં ૧૩ ગામોનું હિન્દુ સંમેલન સ્વામીનારાયણ ગુરૂકુળ ચિત્તલ ખાતે યોજવામાં આવશે. ''મહાદેવ સેના વિરાટ હિંદુ સંમેલન'' આવું નામ સંમેલનનું રાખવામાં આવેલ છે.

ચિત્તલ ખાતે સંમેલન તા. ૧૫/૩/૨૬ ને રવિવારનાં રોજ ભવ્ય રીતે યોજાશે તેમ સમિતિનાં અધ્યક્ષની યાદીમાં જણાવેલ છે.

### પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શન તળે ઉમદા કામગીરી

# અરે વાહ : બાબરા પોલીસે ગુમ થયેલ ૨ બાળકોનુ માતા–પિતા સાથે મિલન કરાવ્યુ

### ગણતરીની કલાકોમાં બાળકોને શોધી કાઢયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર તથા અમરેલી જિલ્લા પોલીસ અધીક્ષક સંજય ખરાત સાહેબ અને વિભાગીય પોલીસ અધીક્ષક (અમરેલી વિભાગ) ચિરાગ દેસાઈ દ્વારા રેન્જના જિલ્લાઓમાં ગુમ થયેલ બાળકોને શોધી કાઢવા માટે ખાસ સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સૂચના અન્વયે બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. શેઠની રાહબરી હેઠળ બાબરા પોલીસ ટીમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

બનાવની વિગત : બાબરા પોલીસ સ્ટેશન ખાતે અમરાપરા (તા. બાબરા, જી. અમરેલી)ના મફતપ્લોટ વિસ્તારમાં રહેતા અરજદાર મુકેશભાઈ તળશીભાઈ કાવઠીયાએ જાણ કરી હતી કે તેમના બે પુત્રો મનીષભાઈ મુકેશભાઈ કાવઠીયા (ઉં.વ. ૧૦) અને મહેશભાઈ મુકેશભાઈ કાવઠીયા (ઉં.વ. ૦૮) આજે તા. ૨૮/૨/૨૦૨૬ના રોજ સાંજના આશરે સાડા આઠ વાગ્યે ઘરની બહાર શેરીમાં રમતા હતા. ત્યાર બાદ આ બંને બાળકો અચાનક ગુમ થઈ ગયા હતા અને પરિવાર દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં મળી આવ્યા ન હતા.

પોલીસની ત્વરિત કામગીરી અને સફળતા : બનાવની ગંભીરતાને ધ્યાને લઈ બાબરા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. શેઠે તાત્કાલિક અલગ–અલગ ટીમો બનાવી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદ લીધી હતી. પોલીસની સઘન શોધખોળ ને પરિણામે ગણતરીના કલાકોમાં જ આ બંને બાળકો અમરાપરા, મફત પ્લોટમાં આવેલ ખોડિયાર માતાજીના મંદિર પાસે પાણીના ટાંકા પાસેથી મળી આવ્યા હતા.

બાબરા પોલીસ ટીમે બંને બાળકોને સુરક્ષિત રીતે પોલીસ સ્ટેશન લાવી તેમના માતા–પિતાને સોંપ્યા હતા. ગુમ થયેલ બાળકો સહી–સલામત પરત મળતા પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ હતી અને પરિવારે પોલીસની આ ત્વરિત અને માનવીય કામગીરીનો આભાર માન્યો હતો.

### ધારાસભ્ય મહેશ કસવાલાએ કર્યુ ખાતમુહૂર્ત

# સાવરકુંડલામાં પોલીસ સ્ટેશનથી બ્રિજ સુધી ૧.૧૪નાં ખર્ચે સી.સી. રોડ બનાવાશે

### ૫૦૦ મીટર લંબાઈનો ૧૧ મીટર પહોળો માર્ગ બનશે



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શહેરમાં નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુસર રૂ ૧૧૪ લાખના ખર્ચે પોલીસ સ્ટેશનથી જુના બસ સ્ટેન્ડથી નાવલી બ્રિજ સુધીના માર્ગના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ માર્ગ કાર્ય હેઠળ અંદાજિત ૫૦૦ મીટર લંબાઈ અને ૧૧ મીટર પહોળાઈ ધરાવતા મજબૂત સી.સી. રોડનું નિર્માણ કરવામાં આવશે. માર્ગની બંને બાજુ બ્લોક પેવિંગ કામ પણ હાથ ધરાશે, જેના કારણે માર્ગ વધુ સુવ્યવસ્થિત અને સલામત બનશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં શહેરના મુખ્ય માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થા વધુ સરળ બનશે, વાહનચાલકોને સુગમ, સલામત અને ટકાઉ માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

ધારાસભ્યે આ અવસરે જણાવ્યું કે નાગરિકોની સુવિધા અને શહેરના વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવનારા સમયમાં પણ આવાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે.

આ ખાતમુહરત નગરપાલિકા હોદેદારઓ, સગઠનના હોદેદાઓ, સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તથા નાગરિકોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કાર્યક્રમ સંપન્ન થયો.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ અને સંસ્કૃત શકિત ગુરૂકુળ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



ચલાલા પ.પૂજય. સંત ડો. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના અથાગ પ્રયત્નોથી ચાલતી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ અને સંસ્કૃત શકિત ગુરૂકુળ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. ભારતના મહાન વૈજ્ઞાનિક સી.વી. રામન દ્વારા ૧૯૨૮માં કરવામાં આવેલી ''રમન ઈફેકટ'' ઐતિહાસિક શોધના અનુસંધાને આ દિવસ ઉજવામાં આવે છે. ડો.ચંદ્રમેલી જોષી (પ્રેસીડેન્ટ ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ) આજના આ કાર્યક્રમ માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને સ્વાગત દ્વારા કરવામાં આવી. ત્યારબાદ વિવિધ વૈજ્ઞાનિક પ્રદર્શન, મોડેલ રજૂઆત, ક્વિઝ સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો અને નવી શોધખોળ પ્રત્યે રસ વધારવાનો હતો. અતિથી વિશેષ ડો. જોષીએ વિજ્ઞાનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું અને વિદ્યાર્થીઓને નવીનતા અને સંશોધન ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી. નાના નાના વિજ્ઞાનના રમકડા દ્વારા સંસ્કૃત શકિત ગુરૂકુળના બાળકોને વિજ્ઞાનના પ્રયોગો કરાવી દરેક બાબતમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સમજે તેવા પ્રયાસો કર્યા હતા. રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્યઓ સહીત સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

હોલિકા દહનનો કાર્યક્રમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. બાકીના વિસ્તારમાં તા. ૨ ના રોજ હોલિકા દહન યોજાયો હતો અને તા. ૪ના રોજ ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવશે.

અહીં હોલિકા દહનમાં નવજાત શિશુની પ્રથમ હોળી હોવાથી પરિવાર વાજતે ગાજતે હોલિકાના દર્શન કરાવ્યાં હતા તેમજ નવદંપતીઓ પણ હોલિકા દર્શન કરી પ્રદક્ષણિ કરી હતી અને હોળીના તહેવારની ઉજવણી કરી હતી.

**સાવરકુંડલા**

ધર્મપ્રેમી અને ઉત્સવપ્રિય ગણાતા સાવરકુંડલા શહેરમાં પરંપરાગત રીતે હોલિકા દહનનો પર્વ અત્યંત આસ્થા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. સામાન્ય રીતે હોળીના દિવસે જ દહન થતું હોય છે, પરંતુ આ વર્ષે હોળીના દિવસે ચંદ્રગ્રહણ હોવાને કારણે, ધાર્મિક માન્યતાઓ અને શાસ્ત્રોકત વિધિ મુજબ ગતરોજ રાત્રે જ હોલિકા દહનનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઠેર-ઠેર હોલિકા પ્રગટાવવામાં આવી હતી. ખાસ કરીને શહેરના 'ગઢ' ગણાતા દેવળા ગેઈટ વિસ્તારમાં શ્રી ક્રિષ્ના ગૌશાળા પાસે ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અહીં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. આ પાવન પ્રસંગે નવદંપતીઓ તેમજ અન્ય શ્રદ્ધાળુઓએ હોલિકાની પ્રદક્ષિણા કરી હતી અને શ્રીફળ-ધાણીથી પૂજન કરીને પોતાના સ્નેહીજનોના સુખ, શાંતિ અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે શ્રી કૃષ્ણ ગૌશાળાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર, બળવંતભાઈ મહેતા સમત તમામ ટીમ દ્વારા

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં અહંકારરૂપી હોલિકાનું**

ઉપસ્થિત તમામને હોળીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

શહેરના અન્ય વિસ્તારોમાં પણ ભકિતમય માહોલમાં હોળી પ્રગટાવીને લોકોએ 'અધર્મ પર ધર્મના વિજય'ના પ્રતીક સમાન આ પર્વને હર્ષોલ્લાસ સાથે વધાવ્યો હતો. ખાસ જણાવી દઈએ કે હોળી પ્રગટયા બાદ તેની જવાળાની દિશા પરથી પ્રાચીન પરંપરા મુજબ વર્ષનો વરતારો પણ નક્કી થાય છે. રાત્રિના સમયે પ્રગટેલી હોળીની જવાળાઓ અને શ્રદ્ધાળુઓની ભીડથી સાવરકુંડલા શહેર ભકિતના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું.

**બગસરા**

બગસરામાં હોળી પર્વની ઠેર ઠેર હોલિકા દહન કરી દર વર્ષની માફક આ વર્ષે પણ આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરકારી દવાખાના પાસે અંબિકા રાસ મંડળ, શ્રીરામ ગ્રુપે આયોજન કરેલ તથા પટેલ વાડી આરાધના ગ્રુપ તેમજ વર્ષો જૂની ઉપલી બજાર વિસ્તારમાં હોળી પ્રગટાવી હોલિકા દહનનું આયોજન થતા બહોળી સંખ્યામાં લોકો, મહિલાઓ, બાળકો, યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને હોલિકાના ફેરા ફરી ધન્યતા અનુભવી હતી અને દર્શન કર્યા હતા. નવ દંપતિઓ દ્વારા હોળીમાં ફરતે શ્રીફળ અને પાણીના સાત ફેરા ફરીને નવદંપતીઓ ધન્યતા અનુભવે છે. આ ઉપરાંત હોળીની જાળ હોળીના દિવસે રાત્રિના સમયે ઉતાસણી પ્રગટાવવામાં આવી હતી. આગામી ચોમાસા માટે તેની જાળ કઈ તરફ જાય છે તે જોવા માટે જાણકારોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળેલ. હોળીની જાળ પૂર્વ તરફ જતા જાણકારોના મતે આગામી ચોમાસુનો વર્તાવોની જાણકારી જાણવા મળે છે.

**જાફરાબાદ**

જાફરાબાદમાં ઠેરઠેર હોલીકા દહનના કાર્યક્રમ ધૂળેટીના તહેવારોમાં ઉત્સવનો રંગ હોળી-ધૂળેટીના હોલીકા દહનનો કાર્યક્રમ યોજાયો. જાફરાબાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જેવા કે પીપળીકાંઠા વિસ્તારમાં તેમજ કામનાથ મહાદેવ ખારવા વાડ તેમજ ઘી ચોકના હનુમાનજી મંદિર સામે હોળીકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. રાત્રિના સમયે ઠેરઠેર હોળીકા દહન કરવામાં પરંપરા મુજબ વાડનો પણ પ્રસંગ ઉજવવામાં આવે છે. જે પરિવાર દ્વારા વાડની ઉજવણી કરવામાં આવે છે. જેમાં પરંપરા મુજબ બાળકના મામા બાળકને હોળીની પ્રદક્ષિણા કરે છે અને પરિવારજનો દ્વારા ખજૂર, ધાણી, મમરા, સાકર અને ડાળીયા, નાળિયેરની લહાણી કરવામાં આવે છે અને આવતીકાલે ધુળેટીના પર્વની હરખભેર ધૂળેટીના તહેવારની પરંપરા મુજબ ઘેલ કાઢવામાં આવે છે. આ રંગોત્સવને માણવા માટે પણ જાફરાબાદ વાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આકર્ષણનું કેન્દ્ર ખારવા વાડ કામનાથ મહાદેવના મંદિરથી યુવાનો દ્વારા ઘેલ કાઢવામાં આવે છે. આ ઘેલમાં નાના બાળકો, યુવાનો, યુવતીઓ એક બીજાને રંગ ઉડાડી અને ધૂળેટીના પર્વની ઉજવણી આનંદ ઉત્સાહથી ઉજવણી કરે છે. જાફરાબાદ ખાસ નીકળતી ઘેલ જોવા માટે લોકો બહાર ગામથી દુર દુરથી સાગરખેડૂની ઘેલ જોવા માટે આવે છે. જેમાં લોકો નવા કપડામાં સજ્જ થઈ ઢોલના તાલે તેમજ અલગ અલગ પ્રકારના પહેરવેશ પહેરીને નાના ભુલકાઓ તેમજ યુવતીઓ ઘેલ જોવા માટે આવે છે. ઢોલના તાલે ઘેલ કાઢી બંદર ચોક સુધી જાય છે જયાં સર્વે સમાજના લોકો, ખારવા સમાજ, મુસ્લિમ સમાજ, ઈતર સમાજના લોકો ખુરશીઓ પર બેસી મોં મીઠાં કરાવવામાં આવે છે. ત્યાંથી ઘેલ ફરી ખારવા વાડ કામનાથ મંદિરે આવી હોળી માતાની પૂજા કરીને ધૂળ ઊડીને લોકો પોતપોતાના ઘરે જાય છે. ધૂળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે.

## અવસાન નોંધ



**સાવરકુંડલા :** સાવરકુંડલા તાલુકાના છાપરી ગામનાં વતની ધૃવિક નંદરામભાઈ ગોંડલીયા તે નંદરામભાઈ દયારામભાઈ ગોંડલીયાના પુત્ર તથા નરેશભાઈના ભત્રીજા તથા અભિષેકભાઈ તથા દિશાતભાઈના ભાઈનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સમાધિ પૂજન તા. ૫ ના રોજ બપોરે ૧૨ કલાકે છાપરી ગામે રાખેલ છે. જયારે બેસણું તા. ૫ ના રોજ ૯ થી ૧૨ સુધી છાપરી ગામે તેમનાં નિવાસસ્થાને રાખેલ છે.



**ચલાલા :** ગભરૂભાઈ દાનાભાઈ ખુમાણ તે ભાજપ અગ્રણી અજીતભાઈ ખુમાણનાં પિતાશ્રીનું તા. ૧લી માર્ચનાં રોજ અવસાન થયેલ છે.

## અમરેલી : સંવેદન ગૃપ દ્વારા ૧૦૯મુ નેત્રદાન સ્વીકારાયું



અમરેલી, તા. ૩

બાબરા તાલુકાનાં ચમારડી મુકામે વસતાં જાદવભાઈ વાવડિયાનાં ધર્મપત્ની તથા વિનોદભાઈ વાવડિયા (મહાકાલી એન્ટરપ્રાઈઝ)નાં માતુશ્રી તથા અક્ષિતનાં દાદીમાં પ્રભાબેન જાદવભાઈ વાવડિયા (ઉં.વ. ૬૧) નું ગત તા. ૧ને રવિવારનાં રોજ મોડી રાત્રે અવસાન થતાં તેમણે શીતલ આઈસ્ક્રીમવાળા ભુવા પરિવારને ત્યાં આયોજીત સપ્તાહમાં ડી.જે.બી.એસ. ફાઉન્ડેશન દ્વારા નેત્રદાન જાગૃતિ અંતર્ગત ચક્ષુદાન માટે સજોડે ફોર્મ ભરેલાં તે સેવાનો સંકલ્પ બરાબર યાદ રાખી. અને વાવડિયા પરિવારે શીતલ આઈસ્ક્રીમના ભૂપતભાઈ ભુવાને જાણ કરી હતી. ભૂપતભાઈએ આ સત્કાર્ય માટે સંવેદન ગૃપને જાણ કરી હતી. નેત્રદાન માટે અડધી રાત્રે સજજ સંવેદન ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તેમની સાથે દર્શન પંડયા તેમજ રમઝાન માસમાં રોઝા હોવા છતાં મોહસીન બેલિમે માનવતાને મહેકાવતા ચક્ષુદાન માટે સેવા આપી હતી. સ્વ. પ્રભાબેનનાં નેત્રદાન સંકલ્પને સન્માન આપી સ્વજનના અવસાન બાદ વાવડિયા પરિવારની સમયસરની જાગૃતિથી બે અંધજનોના જીવનમાં રોશની લાવશે. તેમ સંવેદન ગૃપનાં મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં એડવોકેટ અને વીજપડીનાં**

આપી વેપારી પાસેથી જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરાવી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦ની ઠગાઈ કર્યાની વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં અમદાવાદ ગામે રહેતાં ધવલભાઈ અજયભાઈ ભાટીયા નામના આરોપીએ અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ બ્રાામણ સોસાયટી દિકરાના ઘરની પાછળ ખોડીયારનગરમાં રહેતાં સંજયભાઈ અરવિંદભાઈ મહેતા નામનાં વકિલાતને અમદાવાદમાં ગોદરેજ ગાર્ડન સીટી બી-૨ ફલેટ નં.૮૦૨ના ફલેટનું બાનાખત કરાવી ગત તા.૯/૨ થી આજદિન સુધી અલગ અલગ તારીખ અને સમયે વકીલ પાસેથી ઓનલાઈન તથા આર.ટી જી.એસ.થી Bhatia Neelam Ajay, Account No. 2501262366815572, IFSC No. AUBL0002623 Bank Name.AU Small Finanace Bank નામના અકાઉન્ટ પર રૂપિયા નખાવી અમદાવાદના શખ્સે અમરેલીના વકીલને વિાસમાં લઈ ફલેટનો દસ્તાવેજ ન કરી આપી વકીલ સાથે રૂપિયા ૭,૦૫,૩૦૦ ની છેતરપીંડી તથા વિસઘાત કર્યાની વકીલે પોલીસમાં નોંધાવતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## લાઠીનાં ઈંગોરાળા ગામે પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કરાયું





અમરેલી, તા. ૩

લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે પશુપાલકોને આરોગ્ય સુવિધા સુલભ બને તે હેતુસર અંદાજીત રૂા. ૪૦ લાખના ખર્ચે નવા પશુ દવાખાનાનાં નિર્માણ કાર્યનું આજે ધારાસભ્ય જનક તળાવિયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ પૂર્ણ થતાં ઈંગોરાળા સહિત આસપાસના ગામોના પશુપાલકોને ગુણવત્તાસભર અને સમયસર સારવારની સુવિધા મળશે.

ખાતમુહૂર્ત પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો, પશુપાલકો, સરપંચ, તાલુક પંચાયતનાં સભ્યો, કાંયકર્તાઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ જણાવ્યું હતું કે ગ્રામ વિકાસ સાથે પશુપાલન ક્ષેત્રનો વિકાસ પણ એટલો જ મહત્વનો છે. પશુઓના આરોગ્યનું સંરક્ષણ થવાથી ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય છે અને ગામડાની આર્થિક સ્થિતિ મજબૂત બને છે.

પાના ૧ ઉપરનું ચાલું **દેવરાજીયા ગામે MVCC કેબલ લગાડવાની**

પૂર્ણ થતાં જિલ્લામાં વીજ પુરવઠાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

MVCC કેબલના અમલીકરણથી તમામ ઋતુમાં સાતત્યપૂર્ણ અને નિરાંત વીજ પુરવઠો ઉપલબ્ધ થશે. ખાસ કરીને પવન, વરસાદ કે વૃક્ષોના કારણે થતા ટ્રિપિંગના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો થશે. ઉપરાંત લાઈન લોસમાં ઘટાડો થવાથી વિતરણ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ બનશે.

જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારના રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કેબલને વાતાવરણના કારણે અસર થતી હોય છે ત્યારે આ વિશિષ્ટ કેબલથી કાટની અસર નહીં થાય. હાલ જયોતિ ગ્રામ યોજના અંતર્ગત આવતા ગામડાં અને અન્ય ગ્રામિણ વિસ્તારનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં સમાન અને ગુણવત્તાયુકત વીજ સેવા પહોંચાડવા પ્રતિબદ્ધ છે અને આવા પ્રોજેકટો એ દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય મહિડા, પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર દહિયા, તાલુકાના અગ્રણીઓ અને વીજકંપનીના અધિકારીઓ અને કર્મયોગીઓ તેમજ દેવરાજીયાના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૨૦ | ૧૩૯૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૮૫ | ૧૪૭૦ |
| ૩ | શિંગ મોટી | ૯૦૦ | ૧૫૦૫ |
| ૪ | શિંગદાણા | ૧૫૧૫ | ૧૬૩૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૫૮૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૧૫ | ૧૯૫૫ |
| ૭ | તલ કાળા | ૨૦૫૫ | ૨૯૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૭૪૦ | ૨૦૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૭૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| ૧૧ | ચણા | ૮૭૫ | ૧૦૩૫ |
| ૧૨ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૮૫ |
| ૧૩ | છોલે ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૧૪ | તુવેર | ૭૩૦ | ૧૫૦૦ |
| ૧૫ | વાલ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | કપાસ | ૯૬૦ | ૧૬૦૦ |
| ૧૭ | એરંડા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૪૧૪૦ |
| ૧૯ | રાય | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૦ | ધાણા | ૧૭૮૦ | ૨૨૪૦ |
| ૨૧ | ધાણી | ૧૬૫૦ | ૨૮૧૦ |
| ૨૨ | અજમા | ૧૧૫૦ | ૧૯૦૦ |
| ૨૩ | સોયાબીન | ૬૦૦ | ૯૨૦ |
| ૨૪ | મરચા લાંબા | ૯૭૦ | ૬૧૦૦ |
| ૨૫ | કાંગ | ૫૨૫ | ૫૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૨૬ |
| ૩ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૫૨ |
| ૩ | તલ કાળા | ૩૭૫૫ | - |
| ૪ | જીરૂ | ૩૩૦૦ | ૪૫૭૫ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૫૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૯૧ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૬૩૦ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૧૦ |
| ૧૧ | તુવેર | ૧૩૩૦ | ૧૫૪૦ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૨૦૬ |
| ૧૩ | ધાણા | ૧૬૦૦ | ૨૩૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૦ | ૧૬૧૫ |
| ૨ | મગફળી મીડીયમ | ૧૨૨૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી | ૧૨૪૫ | ૧૩૬૫ |
| ૪ | જીરૂ | ૩૨૪૦ | ૪૧૭૦ |
| ૫ | ચણા | ૧૦૦૯ | ૧૦૪૧ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૭ | ધાણા | ૧૫૫૫ | ૨૧૮૫ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૨૫ |
| ૩ | ચણા | ૮૧૨ | ૧૦૧૨ |
| ૪ | ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | જુવાર | ૧૨૫૨ | ૧૨૫૨ |
| ૬ | સોયાબીન | ૯૦૦ | ૯૦૫ |
| ૭ | શીંગદાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૮ | તુવેર | ૧૦૨૦ | ૧૪૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨ | ચણા | ૯૭૦ | ૧૦૧૬ |
| ૩ | તુવેર | ૧૦૦૦ | ૧૪૬૨ |
| ૪ | લાલ તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૫ | ધાણા | ૨૦૦૦ | ૨૦૨૫ |
| ૬ | અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૭ | રાયડો | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૮ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૯ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૫૦ | ૯૨૫ |

# સાવરકુંડલા ખાતે સીનિયર સિટીઝન માટે રમતોત્સવ યોજાયો






સાવરકુંડલા બાળપણમાં નાના હોય ત્યારે બાળકોની ખેલ કુદની રમતો રમાતી પણ આજના આધુનિક યુગમાં આ જુનવાણી રમતો વિસરાઈ ગઈ હોય ત્યારે ૫૦ વર્ષથી ઉપરના વ્યકિતઓ માટે પ્રથમવાર ફની રમતોત્સવનું આયોજન સાવરકુંડલા ખાતે કૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવ પ્રસંગે યોજવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય સાથે સંત પણ સ્પર્ધક બનીને બાળપણના અનુભવો તરોતાજા કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત કર્યો હતો. સાવરકુંડલા ખાતે આવેલ કૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદિર વ્યાયામ મંદિરના પટાંગણમાં આજે અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૫૦ વર્ષથી લઈને ૯૦ વર્ષ સુધીના વ્યોવૃધ્ધ મહિલા અને પુરૂષોની એક સ્પર્ધા યોજવામાં આવેલ હતી જેમાં રોમાંચક વિઘ્ન દોડ, સંગીત ખુરશી જેવી રમતો વ્યોવૃધ્ધો મનભરીને રમ્યા હતા. સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશ કસવાળા, માનવ મંદિરના સંત ભકિતરામ બાપુ પણ આ સ્પર્ધામાં સ્પર્ધક તરીકે જોડાયા હતા જયારે ૫૦ વર્ષની ઉમરના વ્યકિતઓ આ કુતૂહલ ભરી સ્પર્ધાના હિસ્સેદાર બનીને પોતાનું વિસરાઈ ગયેલું બાળપણ પાછું લાવવાના પ્રયાસના ભાગરૂપે આખું આયોજન થયેલ હતું જેનાથી શારીરિક, માનસિક પ્રતીક્રિયાઓના સમન્વય સાથે ઈજા મુકત ફની ગેઈમ રમતોત્સવમાં વ્યોવૃધ્ધો રોમાંચક વિઘ્ન દોડની રમતો રમીને આનંદવિભોર બન્યા હતા જયારે વિજેતા પુરૂષો અને મહિલાઓને એક બે અને પણ નંબર પર જાહેર કરી સન્માનીત કરવામાં આવ્યા હતા વ્યાયામ મંદિર ખાતે યોજાયેલ વ્યોવૃધ્ધોનો રમતોત્સવ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ને આયોજકોએ આ ઉમરે પણ ફિટ હૈ તો હિટ હૈ સાથે બાળપણના રમતોમાં અનુભવો ફરી હર્દયના માનસપટ્ટ પર આવે ને બાળપણનો અહેસાસ અનુભવવાનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુને ખરા અર્થમાં સાર્થક સાબિત કર્યો હોય તેવું જોવા મળી રહ્યું હતું

### રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદહસ્તે

## વડિયા-કુંકાવાવનાં દેવગામનાં અંદાજીત રૂપિયા ૭૮ લાખનાં પાણી પુરવઠાનાં વિકાસ કાર્યોનો પ્રારંભ

### ર.૫ લાખ લિટરની ટાંકી સહિતનાં કાર્યો કરાશે






અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના દેવગામ ખાતે પાણી પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરાનાર આશરે રૂ. ૭૮ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ વિકાસકાર્યો અંતર્ગત દેવગામ ખાતે ર.૫ લાખ લિટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતી ઊંચી ટાંકી, ૫ લાખ લિટરની ક્ષમતા ધરાવતા પાણીનો સંપ, પંપ હાઉસ, ક્લોરીન રૂમ, કમ્પાઉન્ડ વોલ તથા જરૂરી મશીનરીનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કોન્ટ્રાક્ટરને કામો ગુણવત્તાયુકત ધોરણે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સૂચના આપી હતી. રાજય સરકાર દ્વારા ''જલ જીવન મિશન'' કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં રહેણાંક વસ્તીને પ્રતિ વ્યકિત પ્રતિ દિવસ ૧૦૦ એલ.પી.સી.ડી. મુજબ શુદ્ધ અને નિયમિત પાણી પુરવઠો ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે.

આ યોજના પૂર્ણ થતાં દેવગામ, માયાપાદર અને સારંગપુર ગામોને પાણી પુરવઠાનો લાભ મળશે. જંગર ગૃપ ઓગમેન્ટેશન હેઠળ આવતા કુલ ૭૧ ગામોમાં જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે, જે હાલ પ્રગતિ હેઠળ છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક સરપંચ, અગ્રણી મહેલુભાઈ ધોરાજીયા, વનરાજભાઈ કોઠીવાળ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ૩ માર્ચ, ''વિશ્વ વન્યજીવન દિવસ'' પર્યાવરણનું જતન, આબાદ વતન ચાલો વન્યજીવોની રક્ષાનો સંકલ્પ કરીએ




અમરેલી, તા. ૩

વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે ' 'વિશ્વ વન્યજીવન દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮મી મહાસભામાં, વિભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે ''વિ વન્ય જીવન દિવસ''ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોકિત એ છે કે સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.

રાજયમાં વન વિસ્તારનું વર્ગીકરણ ખુબ જ અસમાન છે. આણંદ જીલ્લો સૌથી ઓછો જંગલ વિસ્તાર ધરાવે છે જયારે કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૫૫૯૮.૮૩ ચોરસ કિમી વન વિસ્તાર આવેલો છે. દેશમાં કુલ ભૌગોલીક વિસ્તારનાં ૪ ટકા વન વિસ્તાર વન્ય પ્રાણી રક્ષિત વિસ્તાર જાહેર થયેલો છે. જેની સામે ગુજરાતમાં ૮.૮ ટકા વિસ્તાર પ્રાણીઓ માટે આરક્ષિત છે.

રાજયમાં દુર્લભ પ્રાણીઓનાં સંરક્ષણ કાર્યક્રમ અન્વયે ઘણાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો પણ છે. રાજયમાં સિંહ, દીપડા, રીંછ, ઘુડખર, કાળીયાર, મગર જેવા વન્યજીવોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. રાજયમાં ૫૧૩ જાતિના પક્ષીઓ, ૧૧૪ પ્રજાતિઓનાં સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૧૧૧ પ્રજાતિનાં સસ્તન પ્રાણીઓ અને ૭૦૦૦થી વધારે પ્રજાતિઓનાં કીટકો અને મૃદુકાય જીવો જોવા મળી રહ્યા છે. જેમાંથી હવે ઘણા જીવો અલભ્ય થવા લાગ્યા છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે.

**– મિત્તલ ખેતાણી**
**( મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## હોળિની પવિત્ર ઝાળમાં અસત્ય અને અંધકારનું દહન થયા પછીની સવાર એટલે ધુળેટી પર્વ

ચલાલા, તા.૩

ચલાલા (દાના ભગત)તા.૩,માર્ચ હોળીની પવિત્ર ઝાળમાં અસત્ય અને અહંકારનું દહન થયા પછીની જે નિર્મળ સવાર પડે છે, એ સવાર એટલે ધૂળેટી. આ માત્ર રંગો ઉડાડવાનો દિવસ નથી, પણ આભથી ધરતી સુધી ફેલાયેલા પરમાત્માના અસીમ પ્રેમનો મંગલ ઉત્સવ છે. વર્ષોથી આપણે જોતા આવ્યા છીએ કે લોકો એકબીજા પર ગુલાલ છાંટે છે, લોકગીતોના તાલે ઝૂમે છે અને મસ્તીમાં ડૂબી જાય છે, પણ આ આનંદની પાછળ એક ગૂઢ સત્ય છુપાયેલું છે. પ્રકૃતિ જયારે પાનખરની વિદાય પછી કેસૂડાના કેસરી વાઘા સજીને કુદરતી રંગોમાં ન્હાય છે, ત્યારે મનુષ્યનું હૃદય પણ એ જ કેસરી કે ગુલાબી રંગમાં રંગાવા માટે તલપાપડ હોય છે.ધૂળેટીનો અસલી આનંદ ત્યારે જ સાકાર થાય છે જયારે વ્યક્તિ પોતાના અહંકારનો કૃત્રિમ મુખવટો ઉતારીને બીજાના રંગમાં ભળી જાય. જયારે લાલ, લીલો કે પીળો ગુલાલ ચહેરા પર લાગે છે,ત્યારે માણસની બાહ્ય ઓળખ ભૂંસાઈ જાય છે. ત્યાં નથી કોઈ મોટો, નથી કોઈ નાનો, નથી કોઈ અમીર કે નથી કોઈ ગરીબ. બધા જ ચહેરાઓ એક સમાન ગુલાબી બની જાય છે અને આ જ 'સમભાવ'એ આ પર્વનો સૌથી મોટો સંદેશ છે. જગતની ભીડમાં આપણે જે મુખવટા પહેરીને ફરીએ છીએ, એ જડતાને તોડીને અંદર રહેલા નિર્દોષ બાળકને બહાર લાવવાનો આ શ્રેષ્ઠ અવસર છે. જેવી રીતે ગોકુળનીગલીઓમાં કાનાએ



રાધા અને ગોપીઓને ભીંજવીને ભક્તિ અને પ્રીતનો એકાકાર કર્યો હતો, તેવી જ રીતે આ ઉત્સવ આપણને ભેદભાવ ભૂલીને એકતાના રંગે રંગાવાનું સૂચવે છે.સંબંધોમાં સમય જતાં કયારેક કડવાશ આવી જતી હોય છે, વર્ષો જૂના મનદુઃખ હૃદયમાં ઘર કરી ગયા હોય છે, પણ ધૂળેટી આપણને આશ્વાસન આપે છે કે જેવી રીતે પાણીના એક રેલાથી શરીર પરનો રંગ ધોવાઈ જાય છે, તેવી રીતે ક્ષમા અને પ્રેમના એક સ્પર્શથી હૃદયની બધી જ કડવાશ ધોઈ નાખવી જોઈએ. આ દિવસે અબીલ અને ગુલાલની સુગંધ સાથે હવામાં એક સનાતન સત્ય લહેરાતું હોય છે કે જીવન ખૂબ ટૂંકું છે અને તેને મનભરીને જીવવું તથા રંગીન બનાવવું આપણા જ હાથમાં છે. જો આપણે કોઈના નિરાશાભર્યા જીવનમાં ખુશીઓનો એક નાનકડો રંગ પણ ભરી શકીએ, તો જ આપણી ધૂળેટી સાર્થક ગણાય.

વસંતના આ માદક વાયરામાં જયારે કોયલ મધુર ટહુકા કરે છે, ત્યારે આપણા શબ્દોમાં પણ એવો જ સ્નેહભર્યો ટહુકો હોવો જોઈએ. ધૂળેટી એટલે માત્ર પાણીથી ભીંજાવું નહીં, પણ આત્મીયતા અને નિખાલસતાથી એકબીજાના અંતરને ભીંજવવું. ચાલો, આ વખતે ધૂળેટીના આ પવિત્ર પર્વે આપણે આપણા મનની દિવાલો પર લાગેલા વેરઝેર, ઈર્ષ્યા અને નકારાત્મકતાના જૂના રંગોને ઉખાડી ફેંકીએ અને તેના પર ક્ષમા, કરૂણા અને ભાઈચારાના એવા પાકા રંગો લગાવીએ જે જિંદગીભર કયારેય ઝાંખા ન પડે. આ જ આ ઉત્સવની સાચી ભીનાશ છે અને આ જ માનવતાનો અસલી શણગાર છે.અંતે તો એટલું જ કે, ચહેરા પર લાગેલો ગુલાલ તો પાણીની એક ઝાપટે ધોવાઈ જશે, પણ કોઈના જીવનમાં ભરેલો પ્રેમનો રંગ કયારેય ફીકો ન પડવો જોઈએ. હોળીની ઝાળમાં માત્ર લાકડાં નહીં, પણ પરસ્પરના વેરઝેર પણ ભસ્મીભૂત થાય એ જ સાચી ઉજવણી છે. ચાલો, આ ધૂળેટીએ આપણે સૌ એવા રંગે રંગાઈએ કે આપણી હાજરી માત્રથી કોઈના ચહેરા પર સ્મિત ખીલી ઉઠે. કારણ કે, દુનિયાનો સૌથી સુંદર રંગ એ 'માણસાઈ'નો રંગ છે, અને એ રંગ જેવી બીજી કોઈ સજાવટ નથી.કાલની હોળીમાં બધું નકારાત્મક બળી ગયું, આજની ધૂળેટીમાં બધું સકારાત્મક ખીલી ઉઠે તેવી મંગલ કામના. તમને અને તમારા પરિવારને ધૂળેટીની હાર્દિક શુભકામનાઓ ! સૌને ધૂળેટીના આ પાવન પર્વની અંતરપૂર્વકની શુભેચ્છાઓ.

**લેખકઃ એન્જી હાર્દિક ચંદારાણા**

### વિશ્વ માતૃભાષા સપ્તાહ અંતર્ગત

## એકલેરા ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા કાવ્ય સંગીત યોજાય

### ગુજરાતી ગરબા, દુહાની જમાવટ કરાઈ

અમરેલી, તા. ૩

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના ઉપક્રમે માતૃભાષા મહોત્સવ- ૨૬ અંતર્ગત માતૃભાષા સપ્તાહ ઉજવણી અન્વયે માતૃભાષા દિવસ નિમિતે લોક સાહિત્ય સેતુ અમરેલી દ્વારા એકલેરા પ્રાથમિક શાળા ખાતે કાવ્ય સંગીત ડો. ભાગ્યેશ જહા અધ્યક્ષ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર નગરની પ્રેરણાથી ડો. જયેન્દ્રસિંહ જાદવ, મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર તથા લોક સાહિત્ય સેતુ અમરેલીના સંયુકત ઉપક્રમે યોજાયેલ જેનું ઉદ્દઘાટન એકલેરાના સરપંચ કુ. રાજેરીબેન રાજયગુરૂ, જયેશભાઈ અને સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાના હસ્તે કરવામાં



આવેલ.કાર્યક્રમના પ્રારંભે ભાગ્યેશ જહા અને ધારાસભ્ય મહેશભાઈ કાસવાળા ના સંદેશાથી કરવામાં આવેલ આ તકે સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ માતૃભાષાનું મહત્વ સમજાવેલ અને આ કાવ્ય સંગીત આયોજન કરેલ મલ્ટી સિંગર સંજય પડયા અને લોક સાહિત્યકાર રમેશ જાદવ, ડો. જવલંત ત્રવાડી, સાહિલ ગુજરાતીનું ગૌરવ ગાનમાં લોક ગીત, બાલ ગીત, ભજન, દુહા વગેરે રજૂ કરેલ કાર્યકમનું સંચાલન નરેશભાઈ રાજગુરૂએ કરેલ. કાર્યકમને સફળ બનાવવામાં ભરતરાજ તથા સુનિલભાઈ ઠાકોર વગરે એ જહેમત ઉઠાવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

## અમરેલી જિલ્લામાં તા. ૮ માર્ચ સુધી હથિયારબંધી

અમરેલી, તા. ૩

જિલ્લામાં રમઝાન અને હિન્દુ ધર્મના હોળી-ધૂળેટીના પર્વને લઈને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા. ૮/૩/૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા સરઘસ હથિયારબંધી રહેશે.જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશકત વ્યકિતઓને, વરઘોડા કે સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

## ગાંધીનગર આહીર પરિવારનાં તેજસ્વી તારલાઓનો વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

અમરેલી, તા. ૩

ગાંધીનગરમાં ૧૯૯૯ થી કાર્યરત પ્રમુખ મંત્રી કે કોઈપણ હોદેદારો વગરની ૨૭ વર્ષથી કાર્યરત સંસ્થા આહીર યુવા ફોરમ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તારીખ ૧૪ માર્ચ ૨૦૨૬ને શનિવારના રોજ ટાઉન હોલ ખાતે ગાંધીનગર શહેરમાં વસતા આહીર પરિવારનાં તેજસ્વી તારલાઓને ૨૫ મો સરસ્વતી સન્માન સમારંભ યોજાશે. આ સમારંભની સાથે સાથે વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજાશે.આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રા.ક. મંત્રી ત્રિકમભાઈ છાંગા તેમજ આહીર સમાજના ધારાસભ્યો સર્વે મુળુભાઈ બેરા, ભગવાનભાઈ બારડ, ઉદયભાઈ કાનગડ તેમજ હેંમત ખવા ખાસ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમની શરૂઆત સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા દિપ પ્રાગટય કર્યા બાદ કરાશે. ત્યારબાદ ધોરણ ૧ થી ૧૨ તથા કોલેજ / યુનિવર્સિટી લેવલે વિવિધ ડીગ્રી ડીપ્લોમા પ્રાપ્ત કરેલા તેજસ્વી તારલાઓનું શિલ્ડ/પારિતોષિક તથા પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવશે. સમાજનાં દરેક વિદ્યાર્થીઓ કે જેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગાંધીનગરમાં અભ્યાસ કર્યો હોય અથવા તેના વાલીનું રહેઠાણ / નોકરી ગાંધીનગરમાં હોય તેવા ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછા ૭૦% અને યુનિ/કોલેજ કક્ષાએ ડિગ્રી/ડિપ્લોમાં માટે ઓછામાં ઓછા ૫૫% હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૮મી માર્ચ ૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૦૦ કલાક સુધી પોતાની માર્કશીટની ઝેરોક્ષ નકલ આહીર વિદ્યાર્થી ભવન, સે-૧૫, ગાંધીનગર ખાતે રાખેલ લોક કી બોક્ષમાં નિર્ધારિત સમય દરમ્યાન જમા કરાવશો ત્યારબાદ માર્કશીટ કોઈપણ સંજોગોમાં માન્ય ગણવામાં નહીં આવે તેવું સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# લાઠીના હીરાણા ગામ ખાતે કાળુભાર નદી પર રૂા. પર લાખના ખર્ચે ચેકડેમ રીપેરિંગના કામનું ખાતમુહૂર્ત






લાઠી તાલુકાના હિરાણા ગામે કાળુભાર નદી પર આવેલ ચેકડેમના રીપેરિંગ અને મજબૂતીકરણના કામનો શુભ પ્રારંભ આજે રૂ. પર લાખના ખર્ચે ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે ખાતમુહૂર્ત વિધિ સાથે કરવામાં આવ્યો હતો. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય પૂર્ણ થતાં હિરાણા સહિત આસપાસના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે અને ભૂગર્ભ જળસ્તર ઊંચું આવવામાં પણ મદદ મળશે. ધારાસભ્યએ ખાતમુહૂર્ત પ્રસંગે જણાવ્યું હતું કે રાજય સરકાર ગ્રામ વિકાસ અને કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપીને પાણી સંચાલનના કામોને વેગ આપી રહી છે. કાળુભાર નદી પરનો આ ચેકડેમ વર્ષો જૂનો હોવાથી તેમાં ક્ષતિઓ ઊભી થઈ હતી, જેના કારણે પાણી સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ હતી. હવે રૂ. પર લાખના ખર્ચે મજબૂતીકરણ, લીકેજ નિયંત્રણ અને જરૂરી રીપેરિંગ કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યુ કે ચેકડેમનું કામ પૂર્ણ થતાં વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ખેડૂતોને રબી અને ઉનાળુ પાક માટે પૂરતું પાણી મળશે અને પશુપાલકોને પણ લાભ થશે. પાણી બચત અને સંચય દ્વારા સમગ્ર વિસ્તારના વિકાસમાં આ પ્રોજેક્ટ માઈલસ્ટોન સાબિત થશે. સ્થાનિક ગ્રામજનો દ્વારા આ વિકાસ કાર્ય માટે ધારાસભ્યનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે ચેકડેમના સુધારણા કામથી ખેતીમાં ઉત્પાદન વધશે અને પાણીની સમસ્યામાંથી કાયમી રાહત મળશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોના આભાર સાથે વિકાસ યાત્રાને આગળ વધારવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.

કેન્સરને લગતા રોગોના નિષ્ણાંત અમરેલીમાં
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલમાં
તારીખ : ૦૫/૦૩/૨૦૨૬
સમય : સવારે ૧૧ : ૦૦ થી ૧ : ૦૦
દર મહિનાના પહેલા ગુરૂવારે
તપાસ ફી રૂ.૫૦૦/-

ડો.દેબાદીપ્તી પ્રધાન
કન્સલ્ટન્ટ રેડિએશન ઓન્કોલોજિસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી અને નામ નોંધવા સંપર્ક કરો 9426956406

## ભકત પ્રહલાદની અનન્ય ભકિતને યાદ કરવામાં આવી

# અમરેલી જિલ્લામાં અહંકારરૂપી હોલિકાનું ઉત્સાહભેર દહન કરાયુ

**હોલિકા દહન એટલે પાપ, અહંકાર, જડવૃત્તિ જેવા દુષણોનાં દહનનો સંદેશ**

**જિલ્લાનાં મુખ્ય મથકથી લઈને જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારમાં પણ હોલિકા દહન કરાયુ**

**હોલિકા દહનનાં દર્શનાર્થે સમગ્ર જિલ્લામાં મોટી જનમેદની ઠેકઠેકાણે ઉમટી પડી**

**હોલિકા દહન બાદ આજે સૌ એકબીજાને રંગીને ખૂશી વ્યકત કરશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં સોમવારે આસ્થા અને ઉત્સાહભેર અહંકારરૂપી હોલિકા દહન કરવામાં આવ્યું અને અહંકારરૂપી વિવિધ પદાર્થોનુંહોલિકામાંદહનકરવામાંઆવ્યું અને સૌએ હોલિકા ફરતે પ્રદશિક્ષણા કરીનેભકતપ્રહલાદનીભકિતનેપ્રણામ કર્યા હતા.

અમરેલીમાં નાગનાથ મંદિર, ચિતલરોડ, ધરમનગર સહિતનાં વિસ્તારોમાં હોલિકા દહન અર્થે વિશાળ જનમેદની એકત્ર થઈ હતી. તો અનેક માર્ગો ઉપર ભરપુર ટ્રાફિક જોવા મળ્યો હતો.

**બાબરા**

બાબરામાં હોળીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અહીં શહેર સ્વામિનારાયણનગરમાં મોટી હોળી દહનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કૃષ્ણનગર, રામનગર, ચિત્રકૂટ સોસાયટી સહિતના વિસ્તારનાં લોકો જોડાયા હતા. આ સિવાય શહેરમાં જીવનપરા, ધારપરા, દયારામ પાર્કમાં પણ હોલિકા દહનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. અહી પોલીસ ગ્રાઉન્ડ ચોકમાં વર્ષોથી કડક મંડળી દ્વારા પરંપરાગત રીતે હોલિકા દહન કરવામાં આવે છે પણ તેઓ દ્વારા તા. ૩ના રોજ

અનુસંધાન પાના ૬ ઉપર

### એક સાથે ફલેટનાં નામે અને બીજાને આધારકાર્ડના નામે છેતર્યા

# અમરેલીનાં એડવોકેટ અને વીજપડીનાં વેપારી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત

**પોલીસે બંનેની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં બે અલગ અલગ કિસ્સામાં વિસ મેળવી લઈ ઓનલાઈન નાણાં મેળવી લઈ અલગ અલગ પ્રકારની છેતરપીંડી તથા વિસઘાત કર્યાની જે તે પોલીસમાં નોંધાવતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે બેન્ક ઓફ બરોડાની બાજુમાં રહેતાં અને પાનમસાલાની દુકાન ધરાવતાં ભાવીનકુમાર દિનેશભાઈ વોરા નામનાં વેપારી સાથે ગત તા.૧૯/૧૨/૨૫ના રાત્રીના ૧૨/૩૦ થી તા.૨૪/૧૨/૨૫ દરમ્યાન મોબાઈલ નં.૯૮૨૮૫૫૯૯૮૦ ઉપરથી મોહીત નામનો વ્યકિત વાત કરતો હતો તેમજ મો. નં. ૮૨૩૩૮ ૩૦૯૫૧ તથા ૮૭૩૯૮૨૫૧૫૪થી અજાણી વ્યકિતએ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. moneyon5014 પર ‘Free Device Offier’’ થી સ્વાઈપ મશીન, બાયોમેટ્રીક ફીંગરપ્રિન્ટ સ્કેનર ડીવાઈસની ઓફર આપી હતી. અને પોતે Naveepy કંપનીમાંથી બોલતા હોવાનુ કહી ખોટી ઓળખ આપી વેપારીને નવુ આધાર કાર્ડ, પાનકાર્ડ કઢાવવા તેમજ સુધારા વધારા કરવા તેમજ બેંકોમાં અલગ અલગ એકાઉન્ટો ખોલવા માટે આઈ.ડી. આપવાનુ કહી આરોપીઓએ બદદાનતથી લાલચ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

શ્રધ્ધાજંલિ

સમય જીંદગીનો ઓછો હશે એ કયાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ કયાં ખબર હતી...
એજ ભાવનાત્મક શ્રધ્ધાંજલિ. ૐ શાંતિ....
સ્વ.ધ્રુવિકભાઈ નંદરામભાઈ ગોંડલીયા
લી
નંદરામભાઈ દયારામભાઈ ગોંડલીયા
નરેશભાઈ દયારામભાઈ ગોંડલીયા
અભિષેક નંદરામભાઈ ગોંડલીયા
દિશા નંદરામભાઈ ગોંડલીયા
મુ.છાપરી, તા.સા.કુંડલા, જિ.અમરેલી

ચામડીનાં રોગો ખીલનાં ડાઘ ખાડાની સારવાર તેમજ વાળનાં રોગો ખોડો, ટાલ, વાળ ખરવા જેવા રોગોની આધુનિક સારવાર માટે

આયુરગ્લો
આયુર્વેદિક એસ્થેટિકસ
ડો. બીના જી. રાબડીયા (BAMS, PGDACC, ADHM, CCCH)
ડો. કેયુર આર. કોટડીયા (MBBS, DNB, FID, FIE, FCCM, FCCS)
દુ.નં. ૧-૨, સ્વામિનારાયણ મંદિર રોડ, માણેકપરા, અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,53,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

naari IVF
“નવી આશા, નવી યાત્રા”
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..

નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
Experience : 1-2 Years
- Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
- Night Billing Executive - 2
Experience : 1-2 Years
- Liaisoning Officer - 1
Experience : 1-2 Years (Male)
- Junior Accountant - 1
Experience : 1-2 Years
- Trainer – 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)